SATURDAY
૦૨-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૩
અંક : ૭૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

ચક્રવાત હવે આંગળીના ટેરવે
વ્હોટ્સએપમાં ચક્રવાતની PDF મેળવવા કે કોઇ પણ ઘટના વિશે જાણકારી આપવા માટે ફક્ત એક મેસેજ કરો
૯૪૯૯૭૧૦૨૧૦

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂ. ૪

### કોરોનાના નામે કર્ફ્યુ અને માસ્કના ડિંડક ચલાવતી સરકારન ક્યારે આપશે વેક્સિનની મંજૂરી, જોવાતી રાહ....

# એકવીસમાં હણાશે એકવિષ : નિષ્ણાંતોની લીલી ઝંડી






નવી દિલ્હી,તા.૨

કોરોના વેક્સિનને લઈને સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીની આજે મહત્વની બેઠક મળી. જેમાં ઓક્સફોર્ડ એસ્ટ્રાજેનેકાની કોરોના વેક્સિન કોવિશીલ્ડને ઈમરજન્સી એપ્રુવલ આપવામાં આવી છે. તો કોવેક્સિનને પણ ઈમરજન્સી એપ્રુવલ આપવા અંગેનો વિચાર ચાલી રહ્યો છે. જાણકારી મુજબ આ બેઠકમાં ફાઈઝર, ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ત્રણેયને એક પછી એક પછી પોતપોતાનું પ્રેઝન્ટેશન આપવાનું છે. આ બેઠકમાં ઝાયડસ કેડિલા પણ સામેલ છે.

ઝહૃજીર્ઝની વિશેષજ્ઞ સમિતિએ કોવિશીલન્ડને મંજૂરી આપવા અંગેની ભલામણ કરી છે, હવે DGCI આ ભલામણ પર વિચાર કરીને તેને અંતિમ રૂપ આપીને મંજૂરી આપવા પર કામ કરશે. જો આવું થશે તો ભારતમાં ઈમરજન્સી એપ્રુવલની મંજૂરી મેળવનારી પહેલી વેક્સિન બની જશે. કેન્દ્ર સરકારે વેક્સિનેશન માટે પૂર્વાભ્યાસ માટે પહેલેથી જ તૈયારી કરી લીધી છે.

અત્યાર સુધીમાં સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (SII),ભારત બાયોટેક અને ફાઈઝરે ઈમર્જન્સી યુઝ માટે મંજૂરી માટે અરજી કરી છે. સીરમ ઈન્સ્ટિટ્યુટ કોવીશીલ્ડ નામની વેક્સિન તૈયાર કરી રહી છે. તેને ઓક્સફોર્ડ યુનિવર્સિટી તથા ફાર્મા કંપની એસ્ટ્રાજેનેકાએ તૈયાર કરી છે. સીરમ ઈન્સ્ટિટ્યુટ ઉપરાંત સ્વદેશી વેક્સિન તૈયાર કરનારી ભારત બાયોટેકે બુધવારે પેનલ સમક્ષ રજૂ કરી હતી. જ્યારે, અમેરિકાની કંપની ફાઈઝરે પોતાનો ડેટા રજૂ કરવા માટે વધુ સમય માંગ્યો છે. જોકે ફાઈઝરે WHO એ એક દિવસ અગાઉ ઈમર્જન્સી યુઝ માટે મંજૂરી આપી છે.

એક્સપર્ટ પેનલ પાસેથી મંજૂરી મળ્યા બાદ કંપનીઓની એપ્લિકેશન ડ્રગ્સ કન્ટ્રોલ જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) પાસે ફાઈનલ મંજૂરી માટે જશે. સરકાર આ મહિને વેક્સીનેશન શરૂ કરવા માટે તૈયાર કરી રહી છે. આ માટે આવતી કાલે એટલે કે ૨ જાન્યુઆરીના રોજ સમગ્ર દેશમાં વેક્સીન ડ્રાઈ રન કરવામાં આવેલ છે.

આ અગાઉ ગુરુવારે ડ્રગ્સ કન્ટ્રોલ જનરલ ડો.વીજી સોમાનીએ કહ્યું હતુ કે અમારા માટે નવું વર્ષ હેપ્પી હશે, જોકે આ વર્ષમાં આપણી પાસે કંઈક હશે. આ સાથે એવી શક્યતા છે કે ટૂંક સમયમાં વેક્સીનને મંજૂરી મળી શકે છે. ભારત અમેરિકા બાદ કોરોનાથી અસર પામેલ વિશ્વનો બીજો સૌથી મોટો દેશ છે. સરકારે આગામી છ થી આઠ મહિનામાં ૩૦ કરોડ લોકોને વેક્સીન લગાવવાની યોજના છે.

કોવીશીલ્ડ સૌથી સસ્તી વેક્સીન

સસ્તી હોવાને લીધે ઓક્સફોર્ડ વેક્સીન સરકારની સૌથી મોટી આશા છે. કંપનીનું કહેવું છે કે તે પોતાના ઘરેલુ બજાર પર ફોકસ આપશે. ત્યારબાદ તે દક્ષિણ એશિયાના દેશો તથા આફ્રિકાને એક્સપોર્ટ કરવામાં આવશે.

કોરોના વેક્સિન અંગે સબ્જેક્ટ એક્સપર્ટ કમિટિની આજે મહત્વની બેઠક ચાલી રહી છે. જેમાં ઓક્સફોર્ડ એસ્ટ્રેજેનેકાની કોરોના વેક્સિન કોવિશીલ્ડને ઈમરજન્સી અપ્રૂવલ આપવા અંગે વિચારણા થશે. મળતી માહિતી પ્રમાણે, આ બેઠકમાં ફાઈઝર, ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટીટ્યૂટ ત્રણેયને એક પછી પ્રેઝેન્ટેશન આપવાની છે. આ બેઠકમાં જાયડસ કેડિલા પણ સામેલ છે.

દિલ્હી સરકાર સાથે વિડિયો-કોન્ફરન્સ દ્વારા થઈ રહેલી બેઠકમાં સ્વાસ્થ્યમંત્રીએ કહ્યું હતું કે પહેલા તબક્કામાં વેક્સિન લગાડવાની તૈયારી પૂરી થઈ ચૂકી છે. જે લોકોને પહેલા વેક્સિન આપવાની છે તેમની યાદી તૈયાર છે. તેમણે જણાવ્યું હતું કે કોવિડ વેક્સિનનો ડ્રાય રન દિલ્હીના જીટીબી હોસ્પિટલ અને એક ખાનગી હોસ્પિટલમાં યોજાશે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ કોવિશીલ્ડ નામની વેક્સિન બનાવી રહી છે, જેને ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને ફાર્મા એસ્ટ્રાજેનેકાએ ડેવલપ કરી છે.

### કોરોનાવાયરસ મહામારીના લીધે વર્ક વિઝા ઇશ્યુને ત્રણ મહિના માટે સ્થગિત

# H1-B સહિતના વર્ક વીઝા પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ




(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ નવા વર્ષ ૨૦૨૧ના રોજ ઈમિગ્રન્ટ વર્કર્સને ઝાટકો આપતા ત્રણ મહિના માટે અગાઉ લાગૂ કરેલા વર્ક વિઝા પર પ્રતિબંધ લંબાવી દીધો છે. હવે આ પ્રતિબંધ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગુરુવારના રોજ એ આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં કોરોનાવાયરસ મહામારીના લીધે વર્ક વિઝા ઈશ્યુને ત્રણ મહિના માટે સ્થગિત કરી દીધા છે. ટ્રમ્પે જાહેરાત કરતાં લખ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સના અમેરિકાના શ્રમ બજાર અને અમેરિકન સમુદાયોના સ્વાસ્થ્ય પર કોવિડ-૧૯ની અસર હાલ રાષ્ટ્રીય સ્તરે ચાલુ છે.'' ઘોષણા પત્રમાં બેરોજગારીનો દર, રાજ્યો દ્વારા આપવામાં આવતા વ્યવસાયો પર મહામારી સંબંધિત પ્રતિબંધ અને જૂનથી કોરોનોવાયરસ સંક્રમણ વધવાનો હવાલો પણ આપ્યો છે.

અમેરિકામાં કામ કરવા માટે વિદેશી લોકો દ્વારા ઉપયોગમાં લેવાતા કેટલાંય અસ્થાયી વીઝાને રોકી દેવામાં આવ્યા છે, જેમાં એચ-૨બી કાર્યક્રમ પણ સામેલ છે જે બિન કૃષિ મોસમી શ્રમિકો માટે રજૂ કરાય છે. આ સિવાય એચ-૧મ્ વીઝાને આઈટી ક્ષેત્રના લોકોની વચ્ચે ખૂબ લોકપ્રિય છે તે પણ સામેલ છે. પ્રતિબંધિત કરાયેલા વીઝામાં ત્ન-૧ વીઝા પણ સામેલ છે જે સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે અપાય છે. એચ-૧બી અને એચ-૨બી ધારકોના જીવનસાથી માટે વીઝા અને કંપનીઓ માટે ન્-વીઝા જે અમેરિકામાં કર્મચારીઓને સ્થળાંતરિત કરવા માટે રજૂ કરાય છે તેને પણ સસ્પેન્ડ કરાયા છે. ટ્રમ્પે નિવેદન આપ્યું છે કે આ ઉદઘોષણા ૩૧ માર્ચ, ૨૦૨૧ના રોજ સમાપ્ત થશે અને જરૂરિયાત મુજબ ચાલુ રાખવામાં આવી શકે છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ના ૧૫ દિવસની અંદર અને ત્યારબાદ દર ૩૦ દિવસોમાં જ્યારે આ ઘોષણા અસરકારક છે. ટ્રમ્પે ૨૦૨૦ના એપ્રિલની ૨૨મીએ અને ત્યારબાદ જૂનની ૨૨મીએ વિવિધ વીઝા પર પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી હતી. એ આદેશ ડિસેંબરની ૩૧મીએ આપોઆપ રદ થવાનો હતો. એ રદ થાય એ પહેલાં ટ્રમ્પે ૩૧મીએ જ આ નીતિ ૨૦૨૧ના માર્ચ સુધી લંબાવવાની જાહેરાત કરીને હજારો આઈટી પ્રોફેશનલ્સને આંચકો આપ્યો હતો.

# મેરા ભારત મહાન...!!! ફક્ત છેલ્લા એક વર્ષમાં ૪.૭૩ કરોડ આઈટીઆર દાખલ




(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧

આવકવેરા ખાતાના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૨૯મી ડિસેમ્બર સુધીમાં ૪.૭૩ કરોડ આઈટીઆર દાખલ કરાયા હતા.

કોરોનાના રોગચાળાને ધ્યાનમાં રાખીને સરકારે આવકવેરા રિટર્ન ભરવાની અંતિમ તારીખ લંબાવીને ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ કરી હતી, પણ હવે વ્યક્તિગત રિટર્ન ભરવાની તારીખ લંબાવીને ૧૦મી જાન્યુઆરી ૨૦૨૧ અને કંપનીઓ માટે રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧ કરવામાં આવી છે. ગયા વર્ષે વ્યક્તિગત રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ ઑગસ્ટ હતી અને ૫.૬૫ કરોડ રિટર્ન ફાઈલ કરાયા હતા.

આવકવેરા વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે ૨.૬૧ કરોડ આઈટીઆર-૧ ૩૦મી ડિસેમ્બર સુધીમાં દાખલ કરાયા હતા, જે ગયા વર્ષે ૨૯મી ઑગસ્ટ ૨૦૧૯ના ૨.૯૧ કરોડ રિટર્ન કરતા ઓછા છે. ૧.૦૫ કરોડ આઈટીઆર-૪ ૩૦મી ડિસેમ્બર સુધીમાં દાખલ કરાયા હતા, જે ગયા વર્ષે ૨૯મી ઑગસ્ટ ૨૦૧૯ના ૧.૧૦ કરોડ રિટર્ન કરતા વધારે છે.

આ વર્ષે વ્યક્તિગત કર માટેના રિટર્નમાં ઘટાડો થયો હતો, પણ વ્યવસાયિક અને ટ્રસ્ટોના રિટર્નમાં વધારો નોંધાયો હતો.




# એરફોર્સના ત્રણ કર્મચારીઓની ધરપકડ પાકિસ્તાન માટે જાસૂસી કરતા હોવાનો આરોપ

(જી.એન.એસ.)લુધિયાણા,તા.૧

લુધિયાણા પોલીસે ભારતીય હવાઈ દળના કર્મચારી સહિત કુલ ત્રણ જણની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરી હતી.

આ ત્રણે જણ હવાઈ દળના હલવારા મથકની તસવીરો પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈને પહોંચાડતા હોવાનો તેમના પર આક્ષેપ મૂકાયો હતો. ઈન્ડિયન પીનલ કૉડની ત્રણ જુદી જુદી કલમ હેઠળ તેમની સામે આરોપ મૂકવામાં આવ્યા હતા. આ ત્રણ કલમોમાં દેશદ્રોહ, સરકારી ગુપ્ત બાબતોને લગતા કાયદાનું ઉલ્લંઘન અને ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવ ધારાનો સમાવેશ થયો હતો. આ ત્રણે ખાલિસ્તાની આતંકવાદ સાથે પણ જોડાયેલા હોવાનો આક્ષેપ છે. એ લોકો પંજાબમાં કાયદો અને વ્યવસ્થા ખોરવી નાખવા માગતા હતા.

આ લોકોએ પાકિસ્તાનની બદનામ ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને હલવારા હવાઈ મથકના ફોટોગ્રાફ્સ મોકલ્યા હતા. આ લોકો પાકિસ્તાનથી ગેરકાયદે રીતે હથિયારો પ્રાપ્ત કરવા માગતા હતા. હથિયારોની ગેરકાયદે હેરફેરની પણ તેમની યોજના હતી. આ ત્રણેની ઓળખ રામ સિંઘ હલવારા મથકમાં ડિઝલ મિકેનીક તરીકે કામ કરતો હતો, સુખકિરણ સિંઘ અને શાબિર અલી તરીકે કરવામાં આવી હતી.

# ફોર્ડ અને મહિન્દ્રાનું બ્રેકઅપ : હવેથી ભારતમાં ફોર્ડ સ્વતંત્ર સંચાલન ચલાવશે

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧

વર્ષના પહેલા જ દિવસે ઑટો સેક્ટરથી દિલ તોડનારા સમાચાર સામે આવી રહ્યા છે. અમેરિકાની પ્રમુખ ઑટો નિર્માતા ફોર્ડ મોટર કંપનીએ શુક્રવારના કહ્યું કે, તેણે ભારતની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા સાથેના પોતાના પહેલાના જાહેર કરેલા ઑટો જોઈન્ટ વેન્ચરને રદ કરવાનો નિર્ણય કર્યો છે. કંપની ભારતમાં પોતાના સ્વતંત્ર સંચાલનને ચાલું રાખશે. ફૉર્ડે કહ્યું છે કે બંને કંપનીઓએ નિર્ણય કર્યો છે કે તે પોતાના સંબંધિત કંપનીઓની વચ્ચે પહેલાથી જાહેર ઑટોમોટિવ સંયુક્ત સાહસને કાર્યરત નહીં કરે. ફૉર્ડ મોટર કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે બંને કંપનીઓએ ઑક્ટોબર ૨૦૧૯માં આ સંબંધમાં એક નિશ્ચિત કરાર કર્યો હતો, જેનો સમયગાળો ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના ખત્મ થયો. કંપનીએ કહ્યું કે છેલ્લા ૧૫ મહિના દરમિયાન મહામારીના કારણે વૈશ્વિક આર્થિક અને વ્યાવસાયિક સ્થિતિઓમાં પાયાના બદલાવોના કારણે નિર્ણય કરવામાં આવ્યો છે. આવામાં ફૉર્ડ અને મહિન્દ્રાએ પોતાની મૂડી ફાળવણીની પ્રાથમિકતાઓને ફરીથી નક્કી કરી. ફૉર્ડે આગળ કહ્યું કે, ''ભારતમાં સ્વતંત્ર સંચાલન ચાલું રહેશે.'' અમેરિકાની કાર કંપનીએ સાથે જ કહ્યું છે કે, મહિન્દ્રાની સાથે તેના જોઈન્ટ પ્રોજેક્ટ ચાલું રહેશે. એટલે કે મહિન્દ્રા કૉન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ કરાર અંતર્ગત ફૉર્ડ માટે કારો બનાવતી રહેશે.

# બસ કર રાંધણગેસ રૂલાયેગા ક્યા? પ્રથમ દિવસે જ ગેસના બાટલામાં રૂા.૧૭નો ધડાકો



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ નવા વર્ષના પહેલા દિવસે જ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. કંપનીઓએ ડિસેમ્બર મહિનામાં રાંધણ ગેસ એટલે કે એલપીજી સિલિન્ડરના ભાવમાં બે વખત વધારો કરી ૧૦૦ રૂપિયા ભાવ વધી ગયો છે. સબ્સિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરનો ભાવ ૬૪૪ રૂપિયાથી વધીને ૬૯૪ રૂપિયા થઈ ગયો છે. જોકે, સબ્સિડી વગરના ૧૪.૨ કિલોગ્રામ સિલિન્ડરના ભાવમાં કોઈ વધારો નહોતો કરવામાં આવ્યો. આ વધારો કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કરવામાં આવ્યો છે. છેલ્લા એક મહિનામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૯૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવેમ્બર મહિનામાં ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ગ્રાહકોને ૧૨૯૦ રૂપિયામાં મળી રહ્યો હતો. જે એક ડિસેમ્બરથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ૯૧ રૂપિયા વધી ગયો અને સિલિન્ડરના ભાવ ૧૩૮૧.૫૦ રૂપિયા થઈ ગયો.

રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોગ્રામવાળા એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૭ રૂપિયા સુધી વધારો કરવામાં આવ્યો. ભાવ વધવાથી ૧,૩૩૨ રૂપિયાવાળો સિલિન્ડર ૧,૩૪૯ રૂપિયા થઈ ગયો.

# ૨૦૧૯-૨૦માં જીએસટી કલેક્શન રૂ.૧.૧૫ લાખ કરોડને પાર

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧

૨૦૨૧ના નવા વર્ષે ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર આવ્યા છે. નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ક્લેક્શન રૂ.૧.૧૫ લાખ કરોડ નોંધાયુ છે જે અત્યાર સુધીનું રેકોર્ડ બ્રેક કલેક્શન છે. નાણાં મંત્રાલયના આંકડા મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં GST પેટે કુલ રૂ. ૧,૧૫,૧૭૪ કરોડની વસૂલાત કરવામાં આવી છે જે વાર્ષિક તુલનાએ GST કલેક્શનમાં ૧૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

### અમદાવાદ ઇ.ઇ સેલનો હેડ કોન્સ્ટેબલ પ્રકાશસિંહ રાઓલ ACBના સકંજામાં : રૂ.૫૦ લાખની લાંચ લેતા ઝડપાતા બીજા અનેક ઉચ્ચ અધિકારીઓની સંડોવણી હોવાની પોલીસબેડામાં ચર્ચા

# ૨૦૨૦ વર્ષના અંતિમ દિવસે ACBનો સપાટો : આણંદમાં સૌથી મોટી કરી ટ્રેપ

ચક્વાત ટીમ આણંદ,તા.૧

રાજ્યની લાંચ રુશ્વત વિરોધી દળ(છઝમ)ની ટીમે પોલીસતંત્રમાં વહીવટો માટે પંકાયેલા હેડ કોન્સ્ટેબલ પ્રકાશસિંહ રણજીતસિંહ રાઓલની રૂપિયા ૫૦ લાખની માતબર લાંચમાં ધરપકડ કરતા ખળભળાટ મચ્યો છે !

આણંદ જિલ્લાના ખંભાત ટાઉન પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલની પોસ્ટિંગ છે અને અમદાવાદ આર. આર.સેલના કહેવાતા આ વહીવટદાર દ્વારા ખંભાત ટાઉન પોલીસ મથકની હદ વિસ્તારમાં કંસારી જીઆઇડીસી ખાતેથી મોટા પ્રમાણમાં ગેરકાયદે સંગ્રહ કરેલ ૨,૭૬,૨૮૫ ખાતરનો જથ્થો ઝડપી પ્રાથમિક સીઆરપીસી ૧૦૨ મુજબ કબ્જે લઈ કડદા ખેલ શરુ કરતા "વહીવટદાર પ્રકાશસિંહ ખાતર કૌભાંડ માં "ખાતર" પાડ્યું.

ઉલ્લેખનીય છે કે આ ભ્રષ્ટ હેડ કોન્સ્ટેબલ પ્રકાશસિંહ રણજીતસિંહ રાઓલનાઓએ ફરજ પ્રત્યે બેદરકારી અને ગદ્દારી કરી નામી બેનામી અપ્રમાણસર મિલ્કતો ભેગી કરતા તેમના વિરુદ્ધ લાંચ રુશ્વત વિરોધી દળમાં ફરિયાદ થતા તેની તપાસ હાલમાં ચાલુ જ છે ત્યાં રેડ હેન્ડ લાંચ લેતા ઝડપાયેલા પ્રકાશસિંહની સમગ્ર ભ્રષ્ટ કુંડળી એસીબીના પ્રમાણિક નિષ્પક્ષ અને ન્યાયિક ડાયરેક્ટર કેશવ કુમારના માર્ગદર્શનમાં ઉજાગર થશે જ તેમાં કોઈ શક જેવું નથી !

એસીબીએ વહીવટદાર પ્રકાશસિંહને લાંચ લેતા ઝડપ્યા હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા એક તબકે કોઈ માનવા તૈયાર નહોતું કેમકે પ્રકાશસિંહ એટલે કોઈ મોટા અધિકારી એવું માનવામાં આવી રહ્યું હતું !

જો કે,એસીબીએ કાર્યવાહી કરતા ખુદ પ્રકાશસિંહનો ભ્રમ તૂટ્યો હોય તે જોવા મળી રહ્યું હતું. કેમ કે ખુદ કેટલાય ઉચ્ચ અધિકારીઓ તેમને છાવરતા અને તેમના આશીર્વાદ આ કર્મી પર રહેતા અધિકારીઓ ને પોતાના ઉપરીનો ડર રહેતો હતો એવું ચર્ચાઈ રહેલી હતું એટલે પ્રકાશસિંહ ની દરેક અવળચંડાઈ તે મજબૂરીવશ ચલાવી લેતા હતા !

આણંદ જિલ્લાના પ્રમાણિક અને ખોટું ના ચલાવનાર એસપી અજિત રાજીયાણે આ કર્મી ને શાન થી ભાન કરાવતા લોટીયા ભાગોળ માં એક શોપિંગ સેન્ટરમાં આવેલ "આપણી



ઓફિસ" ની તાળાબંદી થઈ હોવાની પણ ચર્ચા છે !

તો આણંદ શહેરમાં ઉમા ભવનની પાછળ ,,વઘાસી રોડ પર લાખ્ખો કરોડોનો બંગલોઝ,, તો નડિયાદમાં પારસ સર્કલ પાસે કરોડોની જગ્યા કે જે મોબાઈલ કમ્પની ને ભાડા પેટે આપેલ છે !ભરૂચ માંથી પણ જમીન મિલ્કતોની માહિતી મળી રહી છે !

ગાંધીનગરના ઈન્ફોસિટીમાં પોતાની પત્નીના નામે કરોડો ની દુકાન તો સેક્ટર ૧ માં કરોડોનો બંગલો અને લાખ્ખો કરોડોની લકઝ્યુરિયસ ગાડીઓ પણ નામી બેનામી વસાવી હોવાનું ચર્ચાએ જોર પકડ્યું છે! !

નવાઈ ની વાત તે પણ છે કે જાહેર રસ્તા માં માત્ર ૫૦ રૂપિયા ની લાંચ લેતા કોઈ પોલીસકર્મી ઝડપાય ત્યારે જાણે કોઈ મોટો લાંચીયો ઝડપાયા હોય તેમ કાર્યવાહી થતી જોવા મળી છે !

જો કે, અહીંયા લાંચ નો સમર્થન નથી પણ ગેરકાયદે કરોડો ભેગા કરનાર આ પોલીસકર્મી પ્રકાશસિંહ વિરુદ્ધ વર્ષો બાદ પણ અપ્રમાણસરનો ગુનો કેમ નોંધાયું નથી !જો કે,ન્યાય ના ઘરે દેર છે અંધેર નથી તે પણ ફલિત થયું જ છે !

ખાતરમાં "ખાતર" પાડવામાં એસીબીના સકંજામાં આવેલ આ કર્મીએ મહેમદાબાદ માં પણ થોડા સમયે પહેલા ખાતરમાં મોટું ખાતર પાડ્યો હોવાનું અને કઠલાલ માં બાયો ડીઝલમાં પણ શંકાસ્પદ કાર્યવાહી કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે !

ખેડા આણંદ જિલ્લાઓમાં પેટા વહીવટદારો મૂકી બુટલેગરો પાસે લાખ્ખો કરોડો ઉગારવવામાં આવતા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે !

અમદાવાદ રેન્જના આઈજી કેસરીસિંહ ભાટીના આ કર્મી પર આશીર્વાદ છે કેમ ? ૫૦ લાખ ની લાંચ લેવાની હિમ્મત કોઈ હેડ કોન્સ્ટેબલ એકલા હાથે કરે તે શક્ય નથી પણ અજગરી આ વહીવટદાર આઈજી ને પણ અંધારા માં રાખ્યા હોય તે પણ આ વહીવટદાર પ્રકાશસિંહની બાબતમાં બનવા જોગ છે !

રાજ્ય લાંચ રુશ્વત વિરોધી દળ માં ડાયરેક્ટર કેશવકુમાર અને જોઈન્ટ ડાયરેક્ટર બિપિન અહિરેના આવ્યા બાદ રાજ્યભરમાં એસીબીએ જે ગતિથી કામગીરી હાથ ધરી છે તે નોંધનીય અને પ્રશંસનીય છે !તો ચરોતરમાં આણંદ એસીબીના સીનિયર પોલીસ ઈન્સ્પેક્ટર સી.આર. રાણા બીજા કેશવકુમાર છે તે માનવામાં પણ કોઈ અતિશયોક્તિ નથી !

હેડ કોન્સ્ટેબલ પ્રકાશસિંહ રણજીતસિંહ રાઓલ ની ટ્રેપિન્ગ અમદાવાદ ગ્રામ્ય એસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.પટણી અને ટીમ દ્વારા કરવામાં આવી છે અને મદદનીશ નિયામક ઈન્ટેલિજેન્સ વિંગ ફિલ્ડ ૩ એન.ડી.ચૌહાણ નો સુપરવિઝન આ કેસ પર રહેશે !

કુદરતનો ખેલ પણ જોવા જેવો છે કે જે જગ્યા પર બુટલેગરોને પાસેથી પ્રકાશસિંહ વહીવટો લેતા હતા તે જ જગ્યા જમીન પર નવું એસીબી પોલીસ સ્ટેશન બનતા તે જાગનાથ મહાદેવ સામે હાલ આ પોલીસકર્મી એસીબીમાં ધરપકડ હેઠળ છે.

### પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના મહેલાણ ગામે વિજય રૂપાણી

## આજે રૂપાણી હસ્તે ઉદવહનથી તળાવ ભરવાની યોજનાનું ખાતમૂહુર્ત

ચક્વાત ટીમ પંચમહાલ,તા.૧

ખાતમુર્હત અને વિકાસકાર્યોના કામોનુ લોકાર્પણ કરવા આવી રહ્યા છે.તેને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામા આવી રહી છે.જેમા હેલિપેડ તેમજ સભાસ્થળ ખાતે કોઈ કચાસ નહી રહી જાય તે માટે ખાસ તૈયારીઓ કરવામા આવી રહી છે.પાણી પુરવઠા અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ વિભાગ,જળસંપત્તિ- પાણી પુરવઠા સહિતના વિકાસ કામોનું ખાતમૂહુર્ત કરવામા આવશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કુલ રૂ. ૭૦૫ કરોડથી વધુના ખર્ચે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવશે.શહેરા તાલુકાના મહેલાણ ખાતે યોજાનાર કાર્યક્રમમાં મુખ્યમંત્રી રૂપાણી દ્વારા રૂ. ૨૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવશે જેમાં રૂ. ૧૩૬ કરોડથી વધુના ખર્ચે મોરવા હડફ ખાતે હારેડા જૂથ પાણી પુરવઠા યોજના, આ યોજના કાર્યાન્વિત થવાથી મોરવા હડફ તાલુકાના ૫૧ ગામોના અંદાજે ૨ લાખથી વધુ લોકોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ અંતર્ગત રૂ. ૨૨.૪૩ કરોડના ખર્ચે હાલોલ ખાતે પોલીટેકનિક કોલેજનું બાંધકામ, રૂ. ૧૭.૨૧ કરોડના ખર્ચે મોરવા હડફ ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ, રૂ. ૧૫.૯૦ કરોડના ખર્ચે જાંબુઘોડા ખાતે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું બાંધકામ અને રૂ. ૮ કરોડના ખર્ચે શિક્ષણ વિભાગ દ્વારા ગોધરા તાલુકામાં ચંચોપા મોડેલ સ્કુલનું



લોકાર્પણ કરાશે.જેમાં જળ સંપત્તિ વિભાગ હેઠળ રૂ. ૩૧૫ કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ જળાશય આધારિત ઉદવહનથી તળાવ ભરવાની યોજનાના કામો અને રૂ. ૧૩૮ કરોડના ખર્ચે તૈયાર થનાર પાનમ હાઈલેવલ કેનાલ આધારિત ઉદવહનથી તળાવ ભરવાની યોજના કામોનું ખાતમૂહુર્ત કરાશે. આ યોજના તૈયાર થવાથી ૧૨૮ ગામોની ૪૩,૫૦૦ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળશે. જ્યારે શિક્ષણ વિભાગ (પ્ઝઈઈ) ગાંધીનગર અંતર્ગત રૂ. ૧૨.૯૦ કરોડના ખર્ચે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ, ગોધરા, અંબાલીના નવીન બાંધકામ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ ગોધરા- પંચમહાલ અંતર્ગત રૂ. ૩૫ કરોડના ખર્ચે ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી હાલોલ, પાણી પુરવઠા વિભાગ હેઠળ રૂ. ૬.૯૬ કરોડના ખર્ચે વણાકબોરી ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના તેમજ રૂ. ૩.૧૦ કરોડના ખર્ચે અદેપુર ફળિયા કનેક્ટિવિટી જૂથ પાણી પુરવઠા યોજના જ્યારે બાગાયત વિભાગ, ગોધરા- પંચમહાલ હેઠળ રૂ. ૫.૪૩ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટીકલ્ચર એટ ખાંડીવાવ, જાંબુઘોડાનું ખાતમૂહુર્ત કરવામાં આવશે. શહેરા તાલુકાના પુર્વપટ્ટી વિસ્તારમા આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈના પાણીને લઈ ખેડુતોમાં બુમો ઉઠતી હતી,ત્યારે ઝસ વિજયરૂપાણી ૧૩૮ કરોડના ખર્ચે પાનમ હાઈલેવલ કેનાલ આધારીત ઉદવહન સિંચાઈ યોજનાનુ ખાતમુર્હત કરવાના છે.

## સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા સોનલબેન કાલાવડીયાએ કરી અનોખી રીતે જન્મદિવસની ઉજવણી

ચક્વાત ટીમ રાજકોટ, તા.૧

રાજકોટની નામાંકિત મહાનગરપાલિકા સંચાલિત શાળા શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા શ્રીમતી સોનલબેન ફળદુનો આજે જન્મદિવસ છે. જન્મદિવસ અંતર્ગત તેમણે અનોખી રીતે ઉજવણી કરી હતી. સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં અંદાજે ચારસો જેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. ત્યારે સ્કૂલના પ્રિન્સીપાલ દ્વારા જન્મદિવસ અનવયે વિદ્યાર્થિનીઓને ગંદા કપડાથી થતા નુકશાન શારીરિક સ્વચ્છતા વિશે સમજણ તથ નિઃશુલ્ક સેનેટરી પેડ, માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે મેંગોપીપલ પરિવાર દ્વારા સાથ સહકાર આપવામાં આવ્યો હતો. ચક્વાત સાથેની વાતચીત દરમિયાન




સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સીપાલ સોનલબેન ફળદુએ જણાવ્યું હતું કે મારા જન્મદિવસ અન્વયે મેંગો પીપલ પરિવાર તરફથી અમારી સ્કૂલની દિકરીઓ શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા આવેલ તથા એકમ કસોટીની બુક લેવા આવી હતી તે તમામ વિદ્યાર્થિનીઓને અમે સેનેટરીપેડનું વિતરણ કર્યું છે. અત્યારે વિદ્યાર્થિનીઓ અભ્યાસ અર્થે તો કોરોનાની મહામારીના કારણે આવતી પરંતુ અમે એક અભિયાન ચાલવીએ છીએ જેમાં અમે માસ્ક બનાવીએ છીએ. આજે સેનેટરી નેપકીન સાથે વિદ્યાર્થિનીઓ દ્વારા માસ્કનું વિતરણ કરેલ છે. કહેવાય છે કે પહેલુ સુખ તે જાતે નર્યા. વિદ્યાર્થીઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગ્રુત થાય તે માટેના અમે પ્રયત્નો કરીએ છીએ. હું મેંગો પિપલ પરિવારના મનિષભાઈ રાઠોડનો આભાર વ્યક્ત કરૂં છું.

## મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ઓખા ખાતે ભારતીય તટરક્ષક દળ મેરિડ એકોમોડેશનનું ઉદ્ઘાટન કરાયું

ચક્વાત ટીમ જામનગર,તા.૧

ઓખા ખાતે આવેલા ભારતીય તટરક્ષક દળ જિલ્લા વડામથક ખાતે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ યોજાયેલા ભવ્ય કાર્યક્રમ દરમિયાન ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ભારતીય તટરક્ષક દળ મેરિડ એકોમોડેશન સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું. જેના કારણે આ દૂરસ્થ સ્થળ પર સામુદાયિક રહેઠાણની સગવડમાં વધારો થયો છે.માછીમાર સમુદાયને શક્તિશાળી બનાવવા માટે ICG એક આધારસ્તંભ સમાન છેભારતીય તટરક્ષક દળ મેરિડ એકોમોડેશન સુવિધાનું ઉદ્ઘાટન કર્યું આ પ્રસંગે સંબોધન આપતી વખતે જણાવ્યું હતું કે, માછીમાર સમુદાયને શક્તિશાળી



બનાવવા માટે ICG એક આધારસ્તંભ સમાન છે અને ગુજરાતના માછીમારોની 'આંખ અને કાન' તરીકે સક્રિય સહભાગીતાના કારણે દરિયાકાંઠાનું સુરક્ષા વ્યવસ્થાતંત્ર વધુ શક્તિશાળી બનશે. તેમણે ૨૦૨૦ના વર્ષમાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ વચ્ચે પણ આ પ્રદેશમાંથી રૂપિયા ૧૭૦૦ કરોડના નાર્કોટિક્સનો જથ્થો જપ્ત કરીને યુવાનોને ડ્રગ્સથી બચાવવાની કામગીરી, ૩૦ લોકોના જીવ બચાવવાની કામગીરી અને ૩ બીમાર વ્યક્તિઓને દરિયામાંથી બચાવીને લાવવાની કામગીરી બદલ ICGને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ICGના એરક્રાફ્ટ અને સમુદ્રી અસ્કયામતો દ્વારા સતત ચાંપતી નજર રાખવામાં આવી રહી હોવાથી સમુદ્રી સરહદ હંમેશા સલામત છે. મુખ્યપ્રધાને ભારતીય તટરક્ષક દળ અને રાજ્ય પ્રસાશન વચ્ચે અસરકારક તાલમેલ રહેવાની આશા રાખી હતી અને અપીલ પણ કરી હતી. મુખ્યપ્રધાને ICGની છીછરા પાણીની કામગીરીઓના સાક્ષી બન્યા હતા. DHQ ઓખા ખાતે આ કાર્યક્રમના સમાપન વખતે, મુખ્યપ્રધાને ICGની છીછરા પાણીની કામગીરીઓના સાક્ષી બન્યા હતા અને સિગ્નેચર બ્રીજની કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવા માટે ICG હોવરક્રાફ્ટ પર પહોંચ્યા હતા. ICGની ભગીની સેવાઓ, જિલ્લા પ્રશાસનના મહાનુભવો, ICG પરિવારના સભ્યો અને ડિજિટલ/પ્રિન્ટ મીડિયાના કર્મીઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.


BEST CAREER CONSULTANCY - RAJKOT URGENT REQUIRED

| Department | Designation | Education | Experience | Salary | Location |
|---|---|---|---|---|---|
| IT (Hardware) | IT Manager (01) A1 | Any IT Graduate | 5to7years | 30,000 to 45,000 | Padadhari-Rajkot |
| | Asst. IT Manager (01) A2 | Any IT Graduate | 3to5Years | 22,000 to 30,000 | Padadhari-Rajkot |
| | IT Executive (02) A3 | Any IT Graduate | Min. 2years | Upto 20,000 | Padadhari-Rajkot |
| | | | | | |
| Account | Account Manager (01) | M.Com/MBA | 5to7years | 25,000 to 30,000 | Rajkot City |
| | Sr. Account Executive(01) | M.Com/MBA | 3to5Years | 15,000 to 22,000 | Rajkot City |
| | Account Executive(02) | B.Com/BBA | Min. 2years | Upto 18,000 | Sapar & Metoda |
| | Account Executive(01) | B.Com/BBA | Min. 1year | Upto 15,000 | Rajkot City |
| | | | | | |
| IT (Software) | WordPress Developer (01) | Any IT Graduate | 2to5years | Upto 35,000 | Rajkot City |
| | Asp.Net Developer (02) | Any IT Graduate | 2to5years | Upto 40,000 | Rajkot City |
| | Content Writer (01) | Any IT Graduate | 2to5years | Upto 20,000 | Rajkot City |
| | UI/UIX Designer (01) | Any IT Graduate | 2to5years | Upto 20,000 | Rajkot City |
| | SEO/Digital Marketing (01) | Any IT Graduate | 2to5years | Upto 25,000 | Rajkot City |
| | | | | | |
| Backoffice | Computer Operator (01) | Any Graduate | Min. 1year | Upto 14,000 | Sapar, Rajkot |
| | Office Assistant (01) | Hsc Pass | Min. 1year | Upto 10,000 | Rajkot City |
| | Telecaller (M/F-10) | HSC Pass | Min. 6Months | Upto 12,000 + Incentives | Rajkot City |
| | Office Assistant (F-03) | Any Graduate | 0to2years | Upto 10,000 + Incentives | Vavdi,Rajkot |
| | | | | | |
| Retail | Store Manager (M-01) | M.Com/MBA | 5to7years | Upto 35,000 + Incentives | Rajkot City |
| | Depament Manager (M-01) | MBA/Any Graduate | 3to5Years | Upto 25,000 + Incentives | Rajkot City |
| | Sales Officer (F-01) | Any Graduate | Min. 2years | Upto 12,000 + Incentives | Rajkot City |
| | Sales Associate (M/F-03) | HSC Pass | 0to1Year | Upto 10,000 + Incentives | Rajkot City |

We Provide Bright Future...

BEST CAREER CONSULTANCY

★ ૮૪૦૧૪૭૨૨૨૭

★ ૯૧૦૪૯૬૨૨૨૭

ઓફીસ નં. ૧૮, ચોથો માળ, સમૃદ્ધિ ભવન એ, ગોંડલ રોડ, રાજકોટ


## સાયકલ લઈ મુખ્યમંત્રીને મળવા છતાં પણ ન્યાય ન મળતા વૃધ્ધ ખેડૂત કલેકટર ઓફિસે ભૂખ હડતાલ પર

ચક્વાત ટીમ ગીરસોમનાથ,તા.૧

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વાવડી ગામના ખેડૂત અરશીભાઈ રામ પોતાની જમીન માટે લડી રહ્યાં છે. તેઓની વેરાવળ તાલુકાના કુકડા ગામે આવેલી જમીન વિવાદને લઈને તેઓ મુખ્યમંત્રીને રજૂઆત કરી ચુક્યા છે. પણ કોઈ ઉકેલ ના આવતા તેઓ ફરી થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રજૂઆત કરવા દિલ્હી સાયકલ લઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓની તાલાલા પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

આટલી મદદની ગુહાર બાદ પણ ન્યાય નહિ મળતા ફરીથી ખેડૂત અરશીભાઈ રામ આજે એના વેરાવળ કલેકટર ઓફિસ ખાતે ભુખ



હડતાળ પર બેસી ન્યાય માંગી રહ્યા છે. અરશીભાઈ રામની કુકડ ગામે ૬ વીઘા જમીન આવેલી છે. જે જમીનના કાગળો ઉપર ખોટા નામ અને સહી સિક્કા કરી અને કંપનીને વેચી નાખી છે તેવો આરોપ અરશીભાઈ કરી રહ્યા છે. ખેડૂત અરશીભાઈ રામ આ બાબતે સાયકલ લઈને મુખ્યમંત્રીને રજૂઆત કરવા ગાંધીનગર પહોંચ્યા હતા. ત્યાંથી મુખ્યમંત્રીએ પણ આશ્વાસન આપવા છતાં ન્યાય નહિ મળતા તેઓ આખરે વેરાવળ જિલ્લા કલેકટર ઓફિસે ભૂખ હડતાલ ઉપર બેઠા છે.

### એ.ટી. નિગમના નવા ડેપો વર્કશોપનું લોકાર્પણ.....




આજરોજ ગીરસોમનાથનાં ઉના ખાતે માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જી દ્વારા વિડિયો કોન્ફરન્સનાં માધ્યમથી એસ.ટી નિગમનાં ઉના ખાતે નવીન ડેપો વર્કશોપનું ઈ-લોકાર્પણ અને તુલસીશ્યામ ખાતે નવીન બસ સ્ટેશનનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

## મહિસાગરમાં રાહતના સમાચાર : આજે માત્ર એક કોરોના પોઝિટિવ કેસ નોંધાતા હર્ષ

ચક્વાત ટીમ લુણાવાડા ,તા.૧

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃ તિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર શ્રી આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૧-૦૧-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૯૪૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષો, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃ હે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૮૫૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃ ત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૭૮૮૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસપિટલ, લુણાવાડા, ૨૬ દર્દી હોમ આઈસોલેશન, ૦૦ CCC લુણાવાડા, ૦૧ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# ગુજરાત ગૌરવ એવોર્ડ્સ ૨૦૨૦ - એક વિચાર એક ભારત દ્વારા ગુજરાત સરકારના શ્રેષ્ઠ અધિકારીઓનું સન્માન

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧

નાગરિકોની શાંતિ, સમૃદ્ધિ અને સલામતિ માટે દેશભરમાં કાયદો અને માનવ અધિકાર, શિક્ષણ અને રોજગાર વિષયક જનહિત કલ્યાણ માટે નિરંતર કાર્યરત રાષ્ટ્રીય સંગઠન એક વિચાર એક ભારત દ્વારા વર્ષ ૨૦૨૦માં ગુજરાત ગૌરવ એવોર્ડ્સ ની જાહેરાત કરવામાં આવી છે. આ માટે સંગઠન દ્વારા ગુજરાત રાજ્યમાં સમગ્ર રાજ્યમાં સામાજિક, સાંસ્કૃતિ, આર્થિક, રાષ્ટ્રીય કક્ષાએ વિશેષ પ્રદાન આપનાર તેમજ વિશેષ કામગીરી થી રાજયની પ્રગતિ માટે વિશિષ્ટ કાર્ય કરનાર અધિકારીઓને બિરદાવવા તેમજ તેમને સન્માનિત કરવા માટે આ ખાસ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ વધુ માં વધુ અધિકારીઓ જન કલ્યાણ, જન સુવિધા તેમજ જન સુરક્ષા માટે ગુજરાત રાજ્યમાં જ નહિ પણ સમગ્ર ભારત દેશમાં કાર્ય કરતા થાય તેમજ લોકતંત્રની ખરી વ્યાખ્યા ફલિત થાય માટે પણ આ પારિતોષિક એનાયત કરવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. ભારત ગૌરવ યાત્રા એ વિશેષ કાર્યક્ર્મ અંતર્ગત આ પારિતોષિક જાહેર કરવામાં આવેલ છે જેમાં માત્ર ને માત્ર ગેઝેટેડ અધિકારી ઓને સન્માનિત કરવામાં આવશે. જેમાં એક વિચાર એક ભારત ગીર સોમનાથ જિલ્લાના યુનિટ તેમજ ચક્રવાત કાર્યાલય કોડીનાર ના સૌજન્ય થી સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના તમામ તાલુકાના ગેઝેટેડ ઓફિસરો તેમજ જિલ્લા પંચાયત કચેરી અને સેવા સદનમાં કાર્યરત વિશેષ કામગીરી કરનાર અધિકારીઓ ને એક વિચાર એક ભારતના પ્રેરક રાજેશ સોલંકી, રાજ્ય મહિલા સેલ ના અધ્યક્ષ અને સામાજિક ન્યાય સમિતિ ચેરપર્સન કુ.કિરણબેન તેમજ દિવ્યાંગ સહાયતા કેન્દ્ર ગીર સોમનાથ જિલ્લા યુનિટ ના ડિસ્ટ્રિક્ટ કો ઓર્ડિનેટર અને આર. ટી. આઈ. સેલ ગીર સોમનાથ જિલ્લા અધ્યક્ષ આબિદ શેખ તેમજ એક વિચાર એક ભારત કાર્યાલય સચિવ ઝુબેર સિદીકી સાહેબ, સંગઠન સલાહકાર શ્રી કે. એસ. ચૌહાણ, શ્રી જે. એન. વાણવી, માઈનોરિટી સેલના પ્રમુખ તેમજ વિવિધ સેવાકીય સંસ્થા તથા સંગઠનો સાથે કાર્યરત ફારૂકભાઈ પ ેરેડાઈઝ અને વેરાવળ, ગીર સોમનાથ જિલ્લાના અગ્રણી ઈમરાનભાઈ જમાદાર તથા ગીર સોમનાથ જન કલ્યાણ સમિતિ ના અધ્યક્ષ શ્રી



જગદીશભાઈ વિગેરે સમગ્ર ટીમની જહેમત તેમજ આયોજન તેમજ જેમના સૌજન્ય થી આ ભગીરથ કાર્ય ને સૌપ્રથમવાર ગીર સોમનાથ જિલ્લામાં સાકાર રૂપ આપ્યુ છે તેવા ચક્રવાત ન્યુઝ ના પ્રેસ પ્રતિનિધિ અને એક વિચાર એક ભારતના પ્રથમ કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતિ પ ારૂલ સોલંકી વિ. દ્વારા રાજ્યભરમાં આ પારિતોષિક કાર્યક્ર્મનું આયોજન કરવામાં આવે તેની શુભ શરૂઆત ગીર સોમનાથ જિલ્લા દ્વારા કરવામાં આવી હતી. તેમજ આ સન્માન પત્ર એનયાત કરનારા અધિકારીઓએ દ્વારા એક વિચાર એક ભારત ની જન કલ્યાણ તેમજ રાષ્ટ્ર કલ્યાણ ની પ્રવૃ ત્તિઓ બાબતે પણ સરાહના કરવામાં આવી હતી. સૌપ્રથમ ગીર સોમનાથ જિલ્લા કલેકટર શ્રી અજય પ્રકાશ સાહેબને આ એવોર્ડથી રાજ્યમાં જ નહિ દેશ ભરમાં પ્રથમ એવોર્ડ્સ એનયાત કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લા પોલીસ વડા શ્રી રાહુલ ત્રિપ ાઠી તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ધર્મેન્દ્રસિંહ રહેવર સાહેબ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી ગામીત સાહેબ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ગીર સોમનાથ જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી શ્રી હર્ષવર્ધન મૌર્ય સાહેબ કે જેમણે અનેકવિધ યોજનાઓ થી આ જિલ્લાના તમામ લોકો ને સેવાકીય પ્રવૃત્તિ થી તેમજ માનવતાવાદી દ્રષ્ટ્રિએ લાભાવંતીત કરનાર અધિકારીશ્રી ને વંદન તથા એક વિચાર એક ભારતના પ્રથમ રાષ્ટ્રીય કાર્યક્ર્મ ભારત ગૌરવ ના તેમજ પ્રથમ રાષ્ટ્રીય કાર્યાલય ના ઉદઘાટક માનનીય કુ. આનંદબેન ખાચર જેમણે ગીર સોમનાથ જિલ્લામાં સૈનિક સન્માન, નિવૃત ન્યાયાધીશ તેમજ એડવોકેટનું સન્માન, ગ્રામ પંચાયાત સરપંચ નું સન્માંન તેમજ કાનૂની શિબિર અને રોજગાર લક્ષી સેમિનાર અને વર્કશોપ નું આયોજન ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવ્યું હતું. જે એક વિચાર એક ભારત નો પ્રથમ સફળ કાર્યક્ર્મ હતો, ત્યારબાદ આજે સમગ્ર રાજ્યમાં અને ભારત ભરમાં અનેક રાષ્ટ્રીય કાર્યકર્તાઓ ધરાવતું રાષ્ટ્રીય સંગઠન છે, આ ગુજરાત ગૌરવ એવોર્ડ્સ ના ખરા હક્કદાર નિયામકશ્રી હોય તેમને સહર્ષ પ ારિતોષિક એનયાત કરવામાં આવ્યો હતો. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, પ્રાંત અધિકારી શ્રી રાવલ સાહેબ આ ઉપરાંત વેરાવળ તાલુકા મામલતદાર, નગરપાલિકા ચીફ ઓફિસર સાહેબ વેરાવળ ઉના મામલતદાર અને કોડીનાર તેમજ સુત્રાપાડા તાલુકા પ ોલીસ અધિકારીઓને ગુજરાત ગૌરવ એવોર્ડ્સ એનાયાત કરી બિરદાવવા માં આવ્યા છે. તેમજ આ અભિયાન અંતર્ગત ભારત દેશના તમામ રાજય અને જિલ્લામાં આ એવોર્ડ્સ રાષ્ટ્રીય કામગીરી કરનાર અધિકારીઓ ને એનયાત કરવામાં આવનાર છે ત્યારે ગીર સોમનાથ જિલ્લામાંથી તેની ભવ્ય શરૂઆત કરવામાં આવી છે આ કાર્યક્ર્મ દ્વારા અધિકારીઓ એ પ ોતાની વિશેષ કામગીરી બાબતે ગર્વ અનુભવી સંગઠન નો રૂણ સ્વીકાર્ય કર્યો હતો તેમજ ભવિષ્યની રાષ્ટ્રીય કામગીરી સબબ પૂર્ણ કે આંશિક સહકાર આપવા માટે સહમતિ દર્શાવી હતી.

# ડૉ. કંચનબેન હેલિયા ગીર સોમનાથ જિલ્લા- ચક્રવાત કાર્યાલયની મુલાકાતે

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલ એક વિચાર એક ભારત એ રાષ્ટ્રીય સંગઠન છે જે કાયદો અને માનવ અધિકાર, શિક્ષણ, રોજગાર તેમજ આરોગ્ય, પર્યાવરણ અને કૃષિ સાથે સંકળાયેલ અનેક રાષ્ટ્રીય કાર્યકરો ની દેશ ભરમાં સાંકળ ધરાવનાર સંગઠન હોય તેની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ તેમજ સંગઠન ની રચના અને રૂપરેખાથી પ્રેરાઈને ખાસ રૂબરૂ મુલાકાત લીધી હતી. કોરોના કાળ દરમ્યાન સંગઠન દ્વારા કરવામાં આવેલી અનેકવિધ જન કલ્યાણ કામગીરી જેની પણ ડો. કંચન હેલિયા દ્વારા સરાહના કરવામાં આવી હતી તેમજ ગીર સોમનાથ જિલ્લામાં નિશુલ્ક દિવ્યાંગ કેન્દ્ર ની પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમણે આરોગ્યલક્ષી તેમજ અન્ય દેશભરમાં રાષ્ટ્રીય સેવા પ્રવૃત્તિ સાથે કાર્ય કરવાની એક વિચાર એક ભારત સંગઠનમાં તત્પરતા દર્શાવી હતી. તેઓએ મહારાષ્ટ્ર અને ખાસ કરીને મુંબઈ તેના રૂરલ અને અર્બન વિસ્તારોમાં શિક્ષા તથા આરોગ્ય સંબધી અને અન્ય જનસુવિધા સંબધી વિચારો રજૂ કર્યા હતા. યુવા ડો. કંચનબેન હેલિયા એ ગીર સોમનાથ જિલ્લા યુનિટ વતી કોડીનાર તેમજ જિલ્લાના અન્ય જરૂરિયાત વિસ્તારોમાં એક માસ સુધી નિશુલ્ક સેવા કરવા માટે જણાવ્યુ હતુ. આજના આધુનિક યુગમાં જયારે દરેક વ્યવસાય એ કમાણી નું સાધન બન્યો છે તેમજ શોષણ ના આ સમયમાં આ પ્રકારની સેવા એ રાષ્ટ્રની અદ્વિતીય સેવા ગણાવી શકાય. આજે જયારે દેશ



ભરમાં કોરોના કાળની કપરી દશામાં દેશ ગંભીર પરિસ્થિતિ માં થી પસાર થઈ રહ્યો છે ત્યારે ડો. કંચનબેન હેલિયા ની આ સેવા તત્પરતા તેમજ ચક્રવાત કાર્યાલય મુલાકાત બદલ જિલ્લા યુનિટ કાર્યકર્તાઓ દ્વારા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. સંગઠન દ્વારા આરોગ્ય સાથે સંકળાયેલા કર્મીઓ અને ડોકટરો માટે વિશેષ રૂપથી તેમને સંજીવની એવોર્ડ્સ થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ ગીર સોમનાથ જિલ્લામાં તેમજ ગુજરાત રાજયમાંમાં એક માસ સુધી એક વિચાર એક ભારતના માધ્યમથી અનેકવિધ નિશુલ્ક જન સેવા પ્રવૃત્તિઓ કરશે તેમ તેમણે ચક્રવાત ન્યુઝ કાર્યાલય પ્રેસ પ્રતિનિધિને જણાવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર રાજ્ય મુંબઈમાં પણ એક વિચાર એક ભારત નું યુનિટ સક્રિય રીતે કાર્યરત છે. મુંબઈ ની ખ્યાતનામ સમાજ સેવા સંસ્થા સોશ્યલ જસ્ટીસ ફાઉન્ડેશન ના પ્રમુખ નીતિન પરમાર રાષ્ટ્રીય વિચારધારા નું સમર્થન કરેલ છે તેમજ આ માટે તેઓએ તમામ પ્રકારની સેવાઓ માટે પણ શ્રીમાન નીતિન પરમાર સાહેબ દ્વારા સંગઠન ને પત્ર પાઠવ્યો હતો. રાષ્ટ્રીય વિચારધારા એક વિચાર એક ભારતના સલાહકાર તેમજ સહાયતા માટે તેઓ હમેશા મહારાષ્ટ્રમાં કાર્યરત રહે છે. ડો. કંચન હેલિયા એક વિચાર એક ભારત ની રાષ્ટ્રીય પ્રવૃત્તિ અને વિચારધારા થી પ્રેરાઈને ગુજરાત રાજ્યના ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે આવેલા યુનિટ કાર્યાલયની મુલાકાત લીધી હતી.

# મોરબી જિલ્લામાં ચાઈનીઝ દોરા, તુક્કલ, લેન્ટર્ન ખરીદ, વેચાણ અને ઉડાડવા પર પ્રતિબંધ

ચક્રવાત ટીમ મોરબી, તા.૧

ઉતરાયણ જેવા તહેવારો વખતે ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં ઉડાવવામાં આવે છે. આ ચાઈનીઝ તુક્કલમાં હલકી ગુણવત્તાના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. આ ઉપરાંત સળગતું તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને નુકશાન થાય છે. આથી, આ પ્રકારના પ્રસંગો બનતા અટકાવવા મોરબી જિલ્લામાં આગામી તા.૨૫/૦૧/૨૦૨૧ સુધી ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાવવા ઉપર હંગામી પ્રતિબંધ માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કેતન પી. જોષી દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં અનુસાર કોઈપણ વ્યક્તિના જાહેર રસ્તા ઉપર પતંગ ઉડાવવા પર, હાથમાં લાંબા ઝંડા, વાંસના બાંબુઓ, વાંસની પટ્ટીઓ, ધાતુનાં તારનાં લંગર કે વાંસ વિગેરેની મદદથી કપાયેલ પતંગો કે દોરા મેળવવા પર, ટેલિફોન કે ઈલેક્ટ્રિકના તાર ઉપર લંગર કે દોરી નાખવા ઉપર, જાનનું જોખમ થાય તે રીતે રસ્તા ઉપર કે ભયજનક ધાબા પર ચડીને પતંગ ઉડાવવા ઉપર, આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર, આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ પર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાવવા ઉપર, પ્લાસ્ટિક/સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી / ચાઈનીઝ માંજાના પાકા દોરા તથા ચાઈનીઝ પ્લાસ્ટિકની બનાવટના ચાઈનીઝ દોરા તથા આયાતી દોરાનાં જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ તેમજ આવા દોરાના પતંગ ઉડાવવા ઉપર, ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ ઉપર/ ઉડાવવા ઉપર મનાઈ ફરવામાં આવી છે.

# જામનગરમાં નાઘેડી પાટિયા પાસેથી ચોરાઉ સ્કુટર સાથે એકને ઝડપતી સિક્કા પોલીસ

ચક્રવાત ટીમ જામનગર,તા.૨

જામનગર નજીક નાઘેડી પાટીયા પાસે સિકકા પોલીસે એક ચોરાઉ સ્કુટર સાથે જામનગરના શખસને સકંજામાં લીઘો હતો. જેની પુછપરછમાં જામનગરના સાધના કોલોની, શરૂ સેકશન રોડ અને પટેલ પાર્ક વિસ્તારમાંથી જુદા જુદા ચાર વાહન ઉઠાવ્યાની કેફિયત આપી હતી.પોલીસે તેની ઘનિષ્ઠ પુછપરછ હાથ ધરી છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત મુજબ જામનગરની ભાગોળે નાઘેડી પાટીયા પાસે પીએસઆઈ જે.ડી. પરમાર અને સ્ટાફ પેટ્રોલિંગ કરી રહયો હતો જે વેળાએ સ્ટાફના હરદેવસિંહ ઉમેદસિંહ જાડેજા તથા જયદેવસિંહ ભરતસિંહ જાડેજા સહિતની ટીમને એક શખ્સ બ્લ્યુ કલરના ચોરાઉ સ્કુટર સાથે ખંભાળીયાથી જામનગર તરફ આવી રહયો હોવાની બાતમી મળી હતી જેના આધારે વોચ ગોઠવી પોલીસે એક શંકાસ્પદ સ્કુટર સાથે પસાર થતા અજયસિંહ ઉર્ફે અજુભા રતનસિંહ ચાવડા(રે.જામનગર)ને રોકી પુછપરછ હાથ ધરતા ઉકત વાહન ચોરાઉ હોવાનુ ખુલ્યુ હતુ. આથી પોલીસે તેને સકંજામાં લીઘો હતો અને પ્રાથમિક પુછપરછ હાથ ધરતા છેલ્લા દોઢેક વર્ષના સમયગાળામાં તેણે જામનગરના સાધના કોલોની સામે ન્યુ આવાસ વિસ્તાર, શરૂ સેકશન રોડ પર આશાપુરા હોટલ પાછળની સોસાયટી, પટેલ પાર્કમાં ખાનગી શાળા નજીક અને સાધના કોલોનીના છેલ્લા ઢાળીયા પાસેથી ચાર સ્કુટર ઉઠાવ્યાની કેફિયત પણ આપી હતી.આથી પોલીસે ચારેય ચોરાઉ વાહન કબજે કર્યા હતા. જયારે પકડાયેલા શખ્સનો કબજો સીટી એ પોલીસને સુપરત કરવા માટે તજવિજ હાથ ધરી છે.

# રાજકોટ ખોડીયારનગર પાસેથી ચોરાઉ બાઈક સાથે એક ઈસમ ઝડપાયો

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૨

માલવીયાનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે મળેલી બાતમીના આધારે ખોડીયારનગર જીઈબી સ્ટેશન પાસેથી જીજે ૧૦એન ૭૧૦૮ નંબરના ચોરાઉ બાઈક સાથે જૂનાગઢ સક્કરબાગ પાસે ફુટપાથ પર રહેતા લખન હીરાભાઈ પરમાર (ઉ.વ. ૩૦)ને ઝડપી લીધો હતો.

તેને આ બાઈક ૬ વર્ષ પહેલા જામનગરના ચેલા ગામેથી ચોરી કર્યાની કબુલ કરતા. આ અંગે પોલીસે જામનગર પંચકોશી પોલીસને સોંપવામાં આવ્યો હતો.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઢસા ખાતે પોસ્ટમોર્ટમ રૂમ શરૂ કરવા માંગ

## MBBS ડોક્ટર કાયમી મુકવામાં આવે અને પીએમ રૂમ તાત્કાલિક ધોરણે ચાલું કરવા ઢસા સહિત ગ્રામ્ય વિસ્તારોના લોકોની માંગ



ચક્રવાત ટીમ ઢસા, તા.૧

વાત કરવામાં આવે તો ઢસા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ઢસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઘણા સમયથીપીએમ રૂમ બનાવવા માં આવ્યો છે જે હાલ MBBS ડોક્ટર ના કારણે બંધ હાલતમાં જોવાં મળે છે ત્યારે ઢસા ઢસા ગામ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં હજારો લોકો તથા હાઈવે રોડ જીન ઉદ્યોગ ઓઈલ મીલ જેવાં અનેક મોટાં ઉદ્યોગ ઓ તથા ભાવનગર રાજકોટ અમરેલી હાઈવે રોડ પણ આવેલ છે ત્યારે ક્યારેક હાઈવે રોડ પર અકસ્માત સર્જાતા હોય છે તથા ઢસા આજુબાજુના વિસ્તારમાં આકસ્મિક સંજોગોમાં પી.એમ માટે ગઢડા ખાતે જાવું પડે છે ત્યારે ઢસા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વસતા લોકો ની માંગ ઉઠી રહી છે કે ઢસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તાત્કાલિક ધોરણે પીએમ રૂમ ચાલું કરવામાં આવે અને ડોક્ટર કાયમી મુકવામા આવે.

# વિજય રૂપાણીના હસ્તે આજી નદીમાંથી ગાંડી વેલ દૂર કરવાના કાર્યનો પ્રારંભ



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧

રાજકોટ વર્ષો મચ્છરની સમસ્યાનો અંત લાવવા આજી નદી પટમાંથી ગાંડીવેલ કાઢવા માટે મનપા દ્વારા ખાસ કોમ્પ્રીહેન્સીવ ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ મશીનરીની ખરીદી ૧.૬૦ કરોડના ખર્ચે કરવામાં આવી છે. આ સાથે હજુ એક મશીનનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

આ મશીનરી આજી નદીમાં ઉતારીને જળકુંભી વનસ્પતિ દુર કરવાનો પ્રારંભ પણ આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યો છે. કેસરે હિંદ પુલ પર બપોરે સ્થાનિક પ્રતિનિધિઓ, ચૂંટાયેલા લોકો, અધિકારીઓની હાજરીમાં વિજયભાઈએ આ મશીનને ઝંડી આપીને પ્રસ્થાન કરવામાં આવ્યુ હતું.

# આમોદ્રાથી ખજુદ્રા ગામને જોડતા રસ્તાની જરૂરી કાર્યવાહી સત્વરે કરવા માંગ

## ૨૦૧૭માં સરકારે કરેલ આદેશનો ઉલાળીયો

ચક્રવાત ટીમ ઊના, તા.૧

ઊનાના આમોદ્રા-ખજુદ્રા ગામને જોડતો રસ્તો મંજુર કરવા અને આ રસ્તાને તાત્કાલીક જોબ નંબર ફાળવવાની માંગ ગ્રામજનો દ્વારા માર્ગ મકાન વિભાગે રજુઆત કરી હતી.

આમોદ્રા થી ખજુદ્રા ગામને જોડતો રસ્તો મંજુર કરવા માટે તા. ૧૬ માર્ચ ૨૦૧૭ના આદેશ મુજબ જરૂરી કાર્યવાહી કરવા રાજ્યના સચીવ માર્ગ અને મકાન વિભાગ બ્લોક નં.૧૪ ને આદેશ કરેલ તે મુજબ અધિક ઈજનેર પંચાયતત વર્તુળ ૨ રાજકોટ દ્વારા રોડના અહેવાલ દરખાસ્ત



તૈયાર કરીને ગાંધીનગર વિભાગમાં મોકલી આપેલ હોય જેને ધ્યાને રાખી કાર્યવાહી થયેલ અને આ દરખાસ્તને મોકલી આપેલ હોવા છતાં ત્રણ વર્ષથી ગાંધીનગર વિભાગમાં પેન્ડીંગ પડેલ હોય આ રોડના જોબ નંબર ફાળવી બન્ને ગામને જોડતા રસ્તાના કામ ઝડપથી થાય તેવી માંગ રાજ્યના માર્ગ અને મકાન વિભાગના ના.મંત્રી નિતીનભાઈ પટેલને આમોદ્રાના ગ્રામ પંચાયતના ઉપસરપંચ કાળુભાઈ સોલંકી સહીત આગેવાનો અને ધોળીવાવ વિસ્તારના રહેવાસીઓએ પોતાની સહીથી લેખિત રજુઆત કરેલ છે. અત્રે એ ઉલેખનિય છે કે ધોળીવાવ વિસ્તાર આમોદ્રા ગ્રામ પંચાયતના વિસ્તારમાં આવતો હોય આ વિસ્તારમાં વિસેક જેટલા કુટુંબો વસવાટ કરે છે. તેમજ અહીંયા એક પોરાણિક શિવમંદિર પણ આવેલ હોય આ વિસ્તારના રહેવાસીઓ માટે આ માંગણી મુજબ આમોદ્રાથી ખજુદ્રાને જોડતો આ રસ્તો બને તો એમની યાતનાઓ પણ હળવી થશે.

# પાટડી નગરપાલિકા શાસક પક્ષ દ્વારા ચુંટણી ટાણે જ શહેરમા સ્વચ્છતા મિશન હાથ ધરવાની ઝુંબેશ

ચક્રવાત ટીમ પાટડી, તા.૧

ગુજરાતની જીલ્લા તથા તાલુકા પંચાયત સાથે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી આવતા મહિના એટલે કે ફેબ્રુઆરી મહિનાના અંત સુધીમા જાહેર થવાના એંધાણ છે ત્યારે રાજ્યમા તમામ રાજકીય પક્ષો દ્વારા ચુંટણીની તારી તેજ કરી શાસક પક્ષ પોતાના સાયલા અને વિપક્ષ શાસક પક્ષના ગેરફાયદાઓની આક્ષેપબાજી શરુ કરી છે. તઃવામા વાત કરીએ સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી શહેરની તો પાટડી શહેર જીલ્લાના છેવાડાની તાલુકો છે અહિ અશિક્ષિત લોકોની સાથે જાગૃત લોકો પણ ખુડ જ ઓછા હોવાના લીધે તંત્રના અધિકારીઓ સહિત આગેવાનો પોતાની દરેક કારનામા બિન્ધાસ્તપણે પુર્ણ કરે છે. જોકે અહિ ચોથા જાગીર



તરીકે ગાતા પત્રકારોને પણ એટલી હદે ડરાવીને રાખ્યા છે કે રાજકીય નેતા સામે અવાજ ઉઠાવવો અથવા તો સત્યની કલમ ચલાવવી કોઈ ગુન્હો હોય તેવુ ભયનું વાતાવરણ ફેલાવ્યું છે ત્યારે હાલ ચુંટણી નજીક આવતા સ્થાનિક પાટડી નગરપાલિકા દ્વારા જે કામ શાસક પક્ષના પાંચ વર્ષૅમા કરવા જોઈએ તે પ્રાથમિક જરુરીયાતોના કામ હવે શરુ કર્યાઁ છે એટલે કે ચુંટણી નજીક આવતા જ સુવિધા દર્શાઁવી મત માંગવાનું જુનુ રાજકારણ શરુ થશે. ત્યારે પાટડી નગરપાલિકા દ્વારા અગામી પાંચ વર્ષૅમા અહિંના સ્થાનિકો પાણી ભરાવવાની સમસ્યા હોય, ગટર ખુલ્લી પડવાની સમસ્યા હોય કે પછી સ્વચ્છતાની સમશ્યા હોય આ સિવાયની અનેક સમસ્યાને રજુવાત કરવા ધક્કા ખાઈ ચુક્યા છે પરંતુ તે સમયે ધ્યાન નથી અપાવું અને હવે જ્યારે ચુંટણી નજીક આવી ત્યારે નગરપાલિકા દ્વારા સ્વચ્છતાનું અભિયાન સૂઝ્યું, પાટડીના હરીયાળુ બનાવવા તંત્રના તમામ કારીગરો કામે લાગ્યા છે. ત્યારે વિપક્ષે કટાક્ષ કરતા જણાવ્યુ છે કે જો નગરપાલિકાના શાસક પક્ષે અગામી પાંચ વર્ષૅમા આ તમામ કામો પુર્ણઁ કર્યાઁ હોત તો અત્યારે તેઓને મત માટે તયફ઼ા કરવા પડેત નહિ પરંતુ પાટડીની જનતા ખુબ જ સમજણશીલ છે આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમા આ તમામ મુદ્દાઓને ધ્યાને રાખી પોતાનો રોષ ઠાલવવા તૈયાર છે.

સત્ય માટે, સત્ય સાથે સતત.. ચક્રવાત

## તંત્રીસ્થાનેથી......

# નર્મદા જિલ્લાના ૧૨૧ ગામોના આદિવાસીઓએ સરકાર સામે મોરચો કેમ માંડ્યો ?

યાકુબ બાદી
તંત્રી

તાજેતરમાં જ ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ 'નાદુરસ્ત તબિયત'ના કારણસર રાજીનામું આપી અને ૨૪ કલાક પહેલાં પાછું પણ ખેંચી લીધું છે. જેમાં મનસુખભાઈની નારાજગી માટે જે કેટલાંક કારણો જવાબદાર હોવાનું મનાય છે એમાં નર્મદા જિલ્લામાં ઈકો સેન્સિટિવ ઝોન સામે સ્થાનિકોનો વિરોધ મુખ્ય ગણાય છે. અગાઉ સરદાર સરોવર, એ પછી સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને હવે ઈકો સેન્સિટિવ ઝોન. આમ, સતત ત્રીજી વખત નર્મદા કાંઠાના આદિવાસીઓમાં વિસ્થાપિત થવાનો ભય ઊભો થયો છે. ઈકો સેન્સિટિવ ઝોન આદિવાસીઓની જમીન છીનવી લેશે એવી આશંકાથી સ્થાનિક સ્તરે સાંસદ વસાવા ઉપરાંત ભાજપના કેટલાક નેતાઓ, કાર્યકરો પણ બોલકો વિરોધ કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા નર્મદા જિલ્લાનાં ૧૨૧ ગામને ઈકો સેન્સિટિવ ઝોનમાં સમાવવાનું જાહેરનામું પાછું ખેંચવા અંગે સાંસદ વસાવા વડાપ્રધાન મોદીને પણ પત્ર લખી ચૂક્યા છે. સરકાર આ વિસ્તારને પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ ગણવા કટિબદ્ધ છે અને સ્થાનિકો એનો વિરોધ કરી રહ્યા છે. ઈકો સેન્સિટિવ ઝોન વિશે પ્રાથમિક માહિતી જોઈએ તો ભારતમાં જંગલો, વન્યજીવો અને દુર્લભ વનસ્પતિઓ અંગે જસ્ટિસ પંતની આગેવાની હેઠળના પંચે આપેલા અહેવાલના આધારે ૧૯૮૬માં કેન્દ્ર સરકારે પર્યાવરણ જાળવણી ધારો ઘડ્યો છે. આ ધારા અંતર્ગત ચોક્કસ વિસ્તારોને ઈકો સેન્સિટિવ ઝોન જાહેર કરવાની કેન્દ્ર સરકારને સત્તા મળેલી છે. પર્યાવરણની દૃષ્ટિએ કોઈ જાળવણી પાત્ર સ્થળ કે લુપ્ત થતી પ્રજાતિ, વન સંપત્તિનું અસ્તિત્વ ટકાવવા તેમજ વધારવા માટે જે-તે સ્થળના ૧૦ કિલોમીટર આસપાસના વિસ્તારને પર્યાવરણ માટે સંવેદનશીલ વિસ્તાર (ઈર્ષ્ઠ જીહજૈંદ્દૃ ઢહી) જાહેર કરવામાં આવે છે. આ માટેનાં સ્થળોની ઓળખ કરવાનું અને નોટિફિકેશન જાહેર કરવાનું કેન્દ્ર સરકારના વન મંત્રાલયના હાથમાં હોય છે. રાષ્ટ્રીય ઉદ્યાનો, વાઈલ્ડલાઈફ પાર્ક વ.ની જાળવણી માટે આવા વિસ્તારોને ઈકો સેન્સિટિવ ઝોન જાહેર કરાય છે. ગુજરાતમાં ગીર અભયારણ્ય, ગિરનાર, જામનગર નજીક મરીન નેશનલ પાર્ક, થોળ સરોવર, નારાયણ સરોવર વાઈલ્ડલાઈફ સેન્ક્ચ્યુરી વ. સ્થળો ઈકો સેન્સિટિવ ઝોન તરીકે જાહેર થયેલાં છે. ઈકો સેન્સિટિવ ઝોનનો સમય નિશ્ચિત નથી હોતો. અમુક વર્ષ પછી એમાં ફેરફાર પણ થતો રહે છે. આવી જ રીતે કેન્દ્ર સરકારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને આસપાસના શૂલપાણેશ્વર અભયારણ્યને ઈકો સેન્સિટિવ ઝોન જાહેર કર્યો છે, જેમાં નાંદોદ, ગરુડેશ્વર, સાગબારા અને ડેડિયાપાડા વિસ્તારનાં કુલ ૧૨૧ ગામને આનાથી અસર પહોંચે છે. ઈકો સેન્સિટિવ ઝોન જાહેર થવાથી સ્થાનિક સ્તરે વિકાસનાં કામો અટકવાની ભીતિ છે. સરકાર દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ઓથોરિટીની રચના કરવામાં આવી છે, જે કેવડિયા ઓથોરિટી તરીકે પણ ઓળખાય છે. આ ઓથિરિટી ઈકો સેન્સિટિવ ઝોનની આડમાં આદિવાસીઓની જમીન પડાવી લેશે એવી સ્થાનિક સ્તરે ઉગ્ર લાગણી પ્રવર્તે છે. અગાઉ સરદાર સરોવર અને ડેમના કારણે આદિવાસીઓને વિસ્થાપિત થવું પડ્યું છે.

# 'Krossing ગર્લ'

## પ્રકરણ 30

રાજેશ્વરી સેન ઉર્ફે રોક્સી મેમ.

અમે પ્રેમથી બધા શિક્ષકોના નામ પાડેલા. રોક્સી મેમ અમને ગુજરાતી ભણાવતા હતાં. ગવર્નમેન્ટે ધો. ૧૨ સુધી ગુજરાતી ફરજિયાત બનાવ્યું હતું એટલે અમે તેને ઓપ્શનમાં લઈ શકીએ તેમ નહોતાં. તેઓ સ્કૂલમાં સૌથી વધુ અનુભવી અને ગંભીર શિક્ષક હતા. તેમનું નૉલેજ જબરદસ્ત હતું. અમને ક્યારેક તેઓ ઓલ્ડ ફેશન જેવા લાગતાં.

“મિત્રો, ગુજરાતી ભાષા પાસે ગૌરવ લઈ શકાય તેવો શબ્દવૈભવ છે. કોઈ વાત કે સંબંધની સ્પષ્ટતા માટે અલગ-અલગ શબ્દો છે. આજે આપણે તેના વિશે થોડી વાતો કરીશું. ઈંગ્લિશમાં અંકલ અને આન્ટી કહો એટલે બધું આવી જાય. તેમાં કોણ પપ્પાના મોટા ભાઈ, નાના ભાઈ, પિતરાઈ ભાઈ છે, કુટુંબમાં નજીકના છે કે દૂરના સગાં છે એ કંઈ ખબર ના પડે. આજની જનરેશનને આ બધા સંબંધોની બહુ ચીડ ચડે છે. મારા બાળકો પણ એમાં આવી જાય. આપણી ભાષામાં દરેક સંબંધ પોતાની આગવી છે. એ પોતાની ઓળખ કે નામ સાથે રજૂ થાય ત્યારે ખબર પડે કોની માન - મર્યાદા રાખવાની છે? કોની સાથે હસીમજાક કરી શકાય ! માસી, ફઈ, સાળી, નણંદ, સાસુ, કાકી, ભાભુ,

સાલાવેલી જેવા જાજરમાન શબ્દો છે. લિસ્ટ લાબું છે. આ બધા શબ્દો પોતીકા લાગે છે. અંગ્રેજીમાં એક જ શબ્દમાં સરળતાથી રજૂઆત થઈ શકે પણ શબ્દોમાં રહેલી આત્મયીતા ગાયબ થઈ જાય. ગુજરાતીમાં દરેક સંબંધ પર સરસ મજાના ગીતો લખાયેલા છે. અંગ્રેજી પાસે આ વૈભવ નથી. આ ચાર્મ નથી. ઈટ્સ સિમ્પલ લેન્ગ્વેજ. બધાને સહેલી અને સરળ વાતો ગમે છે. અંગ્રેજીની લોકપ્રિયતાનું એક કારણ આ પણ છે.

તમને ભાષાનો વૈભવ શું છે એ થોડું વિસ્તારથી સમજાવું. એક સરસ ઉદાહરણ આપું.“નખરા વગરની નાર, એટીટ્યૂટ વગરનો કલાકાર અને પ્રામાણિક નેતા, ગમે ખરા પણ હોય નહીં.”

અમે બધા હસી પડ્યા. “કાના, આ રોક્સી મેમ પાસેથી ઘણું શીખવા જેવું છે. એ દેખાય છે એના કરતાં ઘણા બુદ્ધિશાળી અને હોશિયાર છે.” મીરાએ કોમેન્ટ પાસ કરી.

"આમ તો બધા કહેતા હોય, મને સીધીસાદી છોકરી બહુ ગમે. થોડા દિવસ સાથે રહશો એટલે તેની સાદગી અને સરળતાથી કંટાળી જશો. તે થોડી નખરાળી, શરમાળ કે શણગાર સજી અલ્લડ અદાઓ વિખેરે ત્યારે તેની સાચી સુંદરતા પ્રગટ થાય. ભાષાનું પણ આવું છે. સરળ શબ્દો શીરાની જેમ તરત ગળે ઉતરી જાય. એક હદ પછી આ સરળતા કંટાળો અપાવે. દર વખતે તરત ગળે ઉતરી જતાં શિરાને બદલે ક્યારેક મોહનથાળ, અડદીયા, રસગુલ્લા, ખીર કે રસમાધુરીનો સ્વાદ પણ લેતાં રહેવું જોઈએ.

કોઈ વાર્તા વાંચો ત્યારે શબ્દો સાથે વર્ણન કે થોડી કલ્પના ભળે તો ઓર મજા આવે. કોઈ વાર્તાને શબ્દોથી શણગારો. લાગણીઓના થોડા લાડ લડાવો કે પછી રસઝરતા સંવાદોથી ઘટનાને આબેહૂબ નજર સમક્ષ ઉભી કરો. એમાં જેટલું વૈવિધ્ય હશે એટલી જ દરેક વાત કે લાગણીઓ સ્પષ્ટપણે વ્યક્ત કરી શકશો." તેમની વાકધારા શ્વાસ લેવા માટે અટકી. મીરાની વાત સાચી લાગી. રોકસી મેમ નિવૃત્તિની આરે પહોંચેલા હતા પણ તેમના વિચારો તેમની ઉંમર જેટલાં જૂનવાણી નહોતાં.

"મારો યુવાની સુધીનો સમય બંગાળમાં વીત્યો. બંગાળના લોકોનો ભાષાપ્રેમ અજોડ છે. તેમનામાં સાહિત્યની સમજ છે. તેઓ યોગ્ય કદર કરી જાણે છે. હું ચાર ભાષાનું રિમિક્સ વર્ઝન છું. તમે અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, ઉર્દૂ ....બધું વાંચો, બોલવાનો પ્રયત્ન કરો. પ્રેક્ટિસ વધશે તેમ શબ્દોનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવાની સમજ આપમેળે કેળવાતી જશે. હું હવે તમારી પાસે ફક્ત ગુજરાતીમાં જ વાતચીત કરવા માટે આગ્રહ ના રાખી શકું. મારે પણ સમય સાથે પરિવર્તન પામી અંગ્રેજી શીખવું પડે. તમારી જનરેશન સાથે તાલ મિલાવતાં શીખવું પડે.

હવે આ સહ-અસ્તિત્વ જરૂરી છે. આજના ગ્લોબલ વર્લ્ડમાં તેના વગર છૂટકો નથી. અંગ્રેજીના ઉપયોગથી ગુજરાતી ભાષા કંઈ મૃતઃપ્રાય નહીં બની જાય. જે તે સમયકાળમાં ઉત્તમ સર્જન થયું તે પોતાની ગુણવત્તાને કારણે સદાય ટકી રહેવાનું. એ પોતાની જગ્યા અનામત રાખી લેશે. એને કોઈ પ્રચાર-પ્રસારની જરૂર નહીં પડે. આ સાહિત્ય માણવા માટે શબ્દભંડોળ અને વ્યાકરણની સમજ હોવી જરૂરી છે.

યાદ રાખવું, શાકમાં જેમ મીઠું વધારે પડી જાય તો ખારું લાગે, એમ ભાષામાં ક્યારેક અમુક શબ્દો કે વાક્યપ્રયોગનો વધુ પડતો દુરાગ્રહ તેની મજા મારી નાખે છે. ભાષામાં લચીલાપણું હોવું જોઈએ. જડતા ના ચાલે. એ સાચું કે ...લખવાની અને બોલવાની ભાષા અલગ હોય પરંતુ જરૂરી નથી કે જેવું બોલાય એવું લખી ના શકો. મહત્ત્વની છે તમારા કહેવાનો દ્રષ્ટિકોણ અને અભિવ્યક્તિની રજૂઆત સ્પષ્ટ થવી જોઈએ.

આવડે એટલા અંગ્રેજી શબ્દો છૂટથી વાપરો. કારણ કે આજના ગ્લોબલાઈઝેશનના યુગમાં અંગ્રેજીમાં વાતચીત કરતાં આવડવી અનિવાર્ય છે. હા, કોઈ એવી હોશિયારી પણ કરે કે ફલાણા દેશના લોકો તો ફક્ત પોતાની ભાષામાં બધું કામ કરે છે. ભલે કરે તેઓ. આપણે આગળ જવાનું છે, પાછળ નહીં. તેમના માતૃભાષા પ્રેમને યોગ્ય ઠેરવતાં પહેલાં તેમની પ્રગતિ અને એ કાર્યના ફાયદા ચકાસી લેવા.

મને લાગે છે આજે લેક્ચર થોડું વધારે લાંબું થઈ ગયું. આવી ચર્ચાઓ તો ચાલુ રહેશે. આજે આપણે શબ્દોનો ઉપયોગ વાક્યપ્રયોગને કઈ રીતે વધુ અસરકારક બનાવે છે તે બે વ્યક્તિના સંવાદમાંથી શીખીશું." તેમણે ક્લાસમાંથી એક છોકરા અને છોકરીને ઊભા કર્યા. બંનેને એક સિચ્યુએશનનો ટાસ્ક આપ્યો. બંને અજનબી હોય અને બસ સ્ટેશન પરની પ્રથમ મુલાકાત.

“કાના, આઈ લવ ધીસ ટીચર. હું તેમની ટીચિંગ મેથડના પ્રેમમાં પડી ગઈ છું. દેશને રોક્સી મેમ જેવા શિક્ષકોની બહુ જરૂર છે યાર. લેંગ્વેજનને તેના ઓરિજીનલ સ્વરૂપમાં સાચવી રાખવા માટે.” મીરાની ચશ્મા પાછળની કાળી કીકીઓમાં અહોભાવની લાગણીઓ સ્પષ્ટપણે ચમકી રહી હતી.

મને તેમની શીખવાડવાની સિસ્ટમ ગમતી પરંતુ મારે ક્યાં લેખક બનવું હતું કે આ શબ્દોનું રાજકારણ શીખવાની જરૂર પડે. ક્યારેક કોઈ ફોટા વિશે વાત કરવી હોય કે કોઈને કંઈ સમજાવવું હોય ત્યારે શબ્દો ના સૂઝતાં.

ઘણીવાર આ શબ્દોના અભાવે સાગર સાથે ચર્ચામાં મારી વાત ખુલ્લીને રજૂ ના કરી શકતો. કોઈ વાતને પરફેક્ટ રજૂ કરવા કે લાગણીઓ દર્શાવવા અણીના સમયે જ શબ્દો દગો દઈ દેતા. આ વખતે ભાષાવૈભવ સમા શબ્દભંડોળના જ્ઞાનની ખોટ સાલતી.

આજે રોક્સી મેમને સાંભળ્યા પછી નક્કી કર્યું – હવે શબ્દોની જાદુઈ દુનિયામાં ઊંડા ઉતરવું પડશે. અંગ્રેજી શીખવા જેટલું જ આ કામ પણ જરૂરી છે. ગમે તે થાય હવે આ ભાષાના ભૂતનો નિકાલ કર્યે છૂટકો.

★★★

સાગરનો ગુસ્સો ઉતરી ગયો હતો. તે ઈવેન્ટ ઓલરેડી બીજા ત્રણ ફોટોગ્રાફરોએ શૂટ કરી હતી એટલે કોઈ પ્રોબ્લેમ નહોતો. તેણે હિમાલયના ટ્રેકિંગના ફોટા બતાવ્યા. હું જોતો જ રહી ગયો. એ પહાડી સોંદર્યની બેનમૂન ફોટોગ્રાફી. મને પહેલીવાર તેના ચહેરા પર થાક વર્તાતો હતો. જાણે કશુંક પામી લીધું હોય તેમ તેની ખામોશી વધુ ગહન બનતી જતી હતી.

તેને સ્કૂલ અને મધુમાસીના ખબર પૂછ્યા. પોતે ટ્રેકિંગ વિશે અને બીજી ઘણી બધી વાતો કરી. તેને નવો મોબાઈલ વસાવ્યો હતો. “સો વોટ અબાઉટ ઈશિતા ? ક્યાં સુધી પહોંચ્યો એ કેસ ?” તેને પૂછ્યું.

“તેં મારી વાટ લગાવી દીધા પછી માંડ મનાવી એને. અમે 'ડિનર ડેટ' પર ગયેલા. નવરાત્રીમાં સાથે ગરબા પણ રમ્યાં. છેલ્લે નોરતે બધાએ મારા બહુ વખાણ કર્યાં, જે એનાથી સહન ના થયા. દસ દિવસ માટે બ્લોક કર્યો છે મને.” મેં કહ્યું.

“ઓહ, ફરગેટ ઈટ. તું એને બહુ સિરિયસલી ના લેતો. એ ફક્ત તારા ફર્સ્ટ એક્સપિરિયન્સ માટે છે. તારે એમાંથી શીખવાનું છે. છોકરીઓની પસંદ, નાપસંદ, તેના હાવભાવ, બોડી લેંગ્વેજ, તેની આંખો તથા ખામોશીથી કહેવાતી વાતો. ખાસ તો તેની સાથે વાતચીતની કળા." તે ખિસ્સામાંથી નાનકડી દડી કાઢી રમવા લાગ્યો.

“ઈશિતા આમ તો સારી છોકરી છે. ફ્રેન્ડલી છે. થોડી મેચ્યોર છે. હા ક્યારેક અમુક બાબતો ના ગમે તેની. પણ બધાની બધી વાતો ગમે એ જરૂરી નથી. ફર્સ્ટ ડેટમાં જ કોઈ પોતાના બધા સિક્રેટ થોડા શેર કરી દે ?'કોઈ છોકરીના વોટ્સએપની ટાઈમલાઈન હાઈડ થાય એટલે સમજી લેવાનું કે સંબંધોના બગીચામાં રોમાન્સના નવા પુષ્પો ખીલી રહ્યા છે.' સાગર શેખ 'છોકરીનાં છપ્પાં'માં આવું બ્રહ્મજ્ઞાન આપે છે. “એન્ડ... હજુ એક્સ્ટ્રા... ફક્ત તારા માટે જ.... સાંભળ... એ ડબલ રાઈટના સિમ્બોલને ચેટિંગ સમયે બ્લૂ થવામાં વાર લાગે એટલે નેટવર્કમાં ફિલિંગ્સની કોઈ એરર છે એ નક્કી સમજવું.”

સાગરની વાત સાચી હતી. આવું તો ચેટિંગ વખતે ઘણી વાર બનતું. પણ મેં ક્યારેય ધ્યાન નહોતું આપ્યું. મને લાગતું કદાચ ચેટીંગ સાથે બીજું કોઈ કામ કરતી હશે. ફર્સ્ટ ડેટ પછી સમીર ભાટિયાને મળવા માટે તેને મને કેટલીવાર ફોર્સ કરેલો. હું એક કે બીજું બહાનું બતાવી ટાળી દેતો. મેં હજુ સીધી તેમનો કોન્ટેક્ટ જ નહોતો કર્યો. મને ઈશિતાને આમ લટકાવી રાખવામાં મજા આવતી હતી. “સાગર, તું કહે છે એ સાચું પણ હોઈ શકે.” મેં કહ્યું. “એ છોકરી સાથે હવે તારું આગળ વધવું તારી લાઈફ માટે થોડું રિસ્કી છે. એ બહુ પઝેસિવ છે. પાછું પોતાને પૂરતી ફ્રીડમ જોઈએ. રિલેશનશીપમાં કશું વન-વે ના ચાલે. બ્લૉક પૂરો થાય પછી તેને સમીર ભાટિયાના નંબર આપી દેજે. તેની સમીર ભાટિયા સાથે મુલાકાત પછી તું બ્રેકઅપ માટે તૈયાર રહેજે. દુઃખી થઈ દેવદાસ ના બની જતો. આવું થશે જ. હું તેને ઓળખું છું.”

“ઓ.કે., મને પણ તેના માટે કોઈ ખાસ ફિલિંગ નથી.” મેં કહ્યું. પછી મીરા વિશે અને રાહુલના પેઈન્ટિંગ એક્ઝિબિશનના કિસ્સા વિશે વાત કરી. “વાઉ, યુ આર ગોઈંગ વેરી ફાસ્ટ એન્ડ શાર્પ.”

મારા પહેલીવાર વખાણ થતાં હું ખુદને શાબાશી આપવા લાગ્યો. “આ મીરા મલિક, નામ કંઈ મગજમાં નથી બેસતું. તેં શું કહ્યું એના ફાધર ACP છે ?” તે અટકીને બોલ્યો. “યસ, તેમનુ હમણમાં જ રાજકોટમાં ટ્રાન્સફર થયું છે. એન્ડ મીરા ઈઝ માય બેસ્ટ ફ્રેન્ડ.” “ચાલ છોડ એ બધું. ફટાફટ તૈયાર થઈ જા. રાત્રે ફ્રીડમ બૉક્સમાં રહેવાનું છે. ફોરેનનું એક ફેમસ બેન્ડ પરફોર્મ કરવાનું છે. તું લાઈફટાઈમ ભુલીશ નહીં તેવો લાઈવ શો બતાવીશ. સંગીતની જાદુઈ દુનિયા શું છે તેની એક નાનકડી ઝલક બતાવીશ. અત્યારે આ બ્લૂ અને પિંક ફિલિંગ્સના શેડ્સ એન્જોય કર. ફ્યુચરમાં ગ્રે અને બ્લેક કલરના ડાર્ક શેડ્સનો સામનો કરવામાં બહુ કામ લાગશે.

ક્રિષ્ના યુ આર પરફેક્ટ મટિરિયલ ફોર મી !” તેની આવી ગૂઢ રહસ્યમય વાતોમાં કશું ના સમજાયું. સાગરની સાચી હકીકત જાણવાનું મન થઈ ગયું. પરન્તુ દર વખતની જેમ નક્કી કર્યું હોવા છતાં હું કશું પૂછી ના શક્યો. (ક્રમશઃ)

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૨-૦૧-૨૦૨૧, શનિવાર, માગશર વદ-૩, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૧૨, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ આશ્લેષા

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૦થી અભિજીત ૧૩-૨૩ સુધી, ૮-૪૯થી શુભ-૧૦-૧૦ સુધી, ૧૨-૫૧થી ચલ-લાભ-અમૃત ૨૬-૫૩ સુધી ૧૮-૧૧૪થી લાભ-૨૯-૫૩ સુધી

**- શુભ હોરા-**

૮-૨૨ થી ૯-૧૬ સુધી,૧૧-૦૩થી ૧૩-૪૫ સુધી,૧૪-૩૯થી ૧૫-૩૩ સુધી,૨૭-૨૦થી ૨૦-૨૬ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- બિન જરૂરી ખર્ચ ઉપર કાબુ રાખવો જરૂરી રહે. આવક વધારવાના પ્રયત્નો ફળવાના ભાઈ બહેનોથી સહકાર રહેવાનો.

» વૃષભ(બ.વ.ઉ.) :- વિચારોમાં પરિવર્તન કરવું જરૂરી છે. વિદેશ જવાની તક ઉભી થાય રાજકારણમાં સફળતા મલવાની રોમાન્સમાં સફળતા.

» મિથુન(ક.છ.ઘ.) :- હરીફો ઉપર વર્ચસ્વ વધારવા વધુ મહેનત જરૂરી છે. લગ્નજીવનમાં ગેર સમજોથી દૂર રહેજો ધાર્મિક કાર્યમાં સફળતા.

» કર્ક(ડ.હ.) :- મોજશોખનું પ્રમાણ વધવાનું સાથે સાથે મહેનત પણ કરવાના મિલ્કતના કાર્યોમાં અનુકુળતા વાળો સમય રહેવાનો.

» સિંહ(મ.ટ.) :- ગૂચવાયેલા પ્રશ્નો હલ થવાના છે. ગેબી શકિતની મદદ મલે છે જે તમારા સારા કર્મોનું ફળ છે. ગુસ્સો ટાળજો.

» કન્યા(પ.ઠ.ણ.) :- મુંઝવવાનો સામનો રહેવાનો થોડી ધીરજ કેળવજો મોજશોખ પાછળ સમયનો વ્યય ન કરવો પ્રયાસ થાય.

» તુલા(ર.ત.) :- આનંદ ઉત્સાહમાં વધારો થવાનો છે. મહત્વની વ્યકિતની મુલાકાત થાય. રોમાન્સમાં સફળતા નોકરીમાં બદલીના ચાન્સ.

» વૃશ્ચિક(ન.ય.) :- સાહસીકો માટે અનુકુળ દિવસ રહેવાનો નવી યોજનામાં સફળતા મલવાના ટુંકી મુસાફરીનો યોગ ઉભો થાય.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- અચાનક સારો લાભ મલે જુના મિત્રોની લાભ રહેણાંકના મકાનમાં સુવિધાઓ વધવાની ઉધારીથી જાળવવું જરૂરી રહે.

» મકર(ખ.જ.) :- આવકની ખર્ચ પણ રહેવાનો લકઝરી ચીજવસ્તુનો લગાવ રહે અટકતા કાર્યોને પ્રાધાન્ય આપજો.

» કુંભ(ગ.શ.સ.) :- જીવન સાથીના સ્વાસ્થ્યને લઈને તનાવ રહે. નોકરીમાં ચીવટ રાખવી. શેર સટ્ટામાં કરેલું રોકાણ લાભદાયક રહેશે.

» મીન(દ.ચ.ઝ.) :- મહત્વના નિર્ણયો બાબત સમજદારી કેળવજો અધિકારીઓ સાથે સુમેળ રાખવો. અંધશ્રધ્ધાથી દૂર રહેજો.

# નવું વરહ..



જિજ્ઞા પટેલ
“चरैवेति चरैवेति”



" એલી એય ! સા પી લયે હાય્લ." દૂર ખૂણા તરફથી તેના પતિએ રાડ ફેંકી.

" એ... આંય લયાવો." પત્નીએ ચોખ્ખું જ કહી દીધું.

એટલે હાથમાં ચા ની કોથળી લઈને તેનો પતિ મારમાર કરતો આવ્યો. તેના ઉતાવળા કદમો કહેતા હતા કે તે હરખમાં છે.

પછી બેય જણાએ ખરી ભીડમાં ઉભડક પગે પીણું પીવાનું આદર્યું.

"દોડસોકનું કરી નાંખ્યું."

"એમ! મારેય આ જોવ જોયે..." તેણીએ મરૂન થેલીમાંની કમાણી બતાવી. હવે બેય જણા હરખમાં હતાં. સબડકા ભરીને ચા પીધી. ચા પીવાઈ ત્યાં સુધીમાં બીજા બે ઘરાક પણ વસ્તુ ખરીદી ગયા. ચા પીવાઈ ગઈ. તેનો પતિ ચાલતો થયો ને થોડે આગળ વધીને બૂમ મારતો ગયો..." બવ તડકો લાગતો હોય તો ઓમણી વય જા."

પત્નીએ હાથથી ના કહીને માથે ઓઢણી ઓઢી લીધી... પતિ થોડે દુર ત્રણ રસ્તા પરના ખૂણે તેના પાથરણા ઢાળો ચાલ્યો ગયો. મને મેઘાણી યાદ આવ્યા. એની વાર્તા 'બુરાઈના દ્વાર પરથી' ના ઝમકું અને જમન આમ જ ચીભડાં વેંચતા.

બીજી એક ડોશી આસોપાલવના લીલા પાંદ વેંચવા બેઠી છે. એક સિંગડા વાળી ગાયને તેણે કંઈક ખાવાનું આપ્યું. વચ્ચે-વચ્ચે ગાયનું ધ્યાન રાખતી જાય છે. સાવરણી બાંધતો છોકરો આંબળું ચૂસતા-ચૂસતા કસી કસીને સાવરણી બાંધી રહ્યો છે. લાલ-પીળી કલર વાળી રેવડી બાંધી આપતો ભાઈ તેની ઘરાક બહેનોને ખૂબ ઉતાવળે પડીકું વાળી આપે છે.

દુકાનમાં બાંધણી પહેરીને સ્ત્રીની જેમ ઉભેલો પુરુષ પોતાની સ્ત્રીના હાથમાં આ દિવાળીએ કેટલી લક્ષ્મી મૂકી શકશે તેનો ક્યાંક વિચાર કરતો જ હશે. પોતાના ઘરનો ખૂણે ખૂણો સજાવવાની ઝંખના સાથે થેલીઓ ભરી ભરીને હટાણું કરતી બૈરાઓને જાણે એમ જ છે કે તહેવારોનો ઠેકો તેમનો જ છે. હાં, આમ તો સ્ત્રીઓને વાર-તહેવારની વધારાની જવાબદારી પણ ખરી.

એક કચાંક સાવરણી-સવારણામાં ખમચાઈથી સળીઓ બંધતો છોકરો કેવી ઉતાવળથી કામ કરે છે! તેના કપાળે ટીપે ટીપે ટપકતી મહેનત બિંદુ બિંદુએ ચમકે છે. છોકરો તેની પાસે બેસેલી તેની નાની બહેનને સળીઓ એક સરખી કેમ ગોઠવવી તે શીખવી રહ્યો છે. હવે આ નવા સાવરણા કેટલાય આંગણાઓ સવારવા તૈયાર છે.

આખી બજારના લેનારા - દેનારા સૌમાં દિવાળી વ્યાપ્ત હતી. તહેવાર કેટલાંયનું વાપરણું છે. આજીવિકા હશે. આખા ઉતરતા વર્ષની ભરપાઈ કરવાની અને આવતા વર્ષ માટે એકઠું કરવાનું. છોકરાઓને કરેલ વાયદા પૂરાં કરવા છેક અંધારું થાય ત્યાં સુધી વળગી રહેવાનું. બા-બાપુજીની દવાનો ખર્ચ હળવો કરવા વહેલાં દુકાન ખોલી દેવાની. 'થોડાંક વધુ ભેગા કરીને ફરવા જાશું' માટે સતત જોતરાઈ પડવું. અને 'ઘણું બધું કરવું છે' તેના સાટું ઘણી બધી થતી મહેનત.

પાણીપુરીની લારીએ લસણવાળા ફ્લેવરની વધુ માંગ સાથે એક સાથે ચાર-ચાર ઘરાકને સાચવી લેતો લારીવાળો હજુ પણ વધુ સારા સ્વાદ માટે કામના કરતો હશે. સારા સ્વાદથી તેનું ઘર સારી રીતે ચાલવાનું છે એ ખૂબ સારી રીતે એ જાણતો જ હશે.

બે વૃદ્ધ ડોશાઓ સામસામી બીડીઓ ફૂંકી રહ્યા છે. જુના વરાહની તમામ મુશ્કેલીઓનો ધૂમાડો ઉડાડી દઈને નવા વરાહના કશ લેતાં બંને તેના ખેતર-મોલની મોલાતના બારામાં ડિબેટ કરી રહ્યા છે. એકના હાથમાં નવી નકોર રાશ અને નવા દાતારડાની એક જોડ છે.

સામે કટલરીની દુકાનમાં મરૂન ચાંદલા માટે ધડ કરતી સ્ત્રી વારંવાર તેના કપાળને આઈનમાં જોઈ જોઈને દુકાનદારને ડોકું ધુણાવી રહી છે. તેના રૂપાળા ચહેરા પર મોટો ગોળ મરૂન ચાંદલો જ હોવો જોઈએ તેવું દુકાનવાળાને પણ સમજાઈ ગયું હશે પણ હજુ એમને ગમી જાય તેવો કલર તેમને જડ્યો નથી. ઘણી ડબીઓ તપાસ્યા પછી અંતે 'એકદમ એવો કલર તો નથી પણ ચાલશે' એવું કહીને ડોશી ત નવા વરહે તેના ચેહરાને કેમ શણગારશે તેવું વિચારતી દુકાનના પગથિયાં ઉતરી ગઈ. એક ચાંદલા માટે પણ આવી ઘોર પસંદગી! ને તરત જ 'ઘાટા મરૂન કલરના ચાંદલા મંગાવવાના છે' તેવું એક નોટમાં ટપકવીને દુકાનદાર તેના બીજા ગ્રાહક તરફ વળ્યો.

નવું વરહ આવે એટલે લોકોની પસંદગી પર કેવુ ઝાડુ ફરી વળે! કેટલુ સજાગ થઈ જવાય!

કાલથી જ આપણે નવા વર્ષમાં પ્રવેશ કર્યો ને ઓફિસે જતા જતા, કિચનમાં શાક સમારતા, tv માં કોઈ એડ જોઈ ત્યારે, ને બાજુવાળા કાકી સાથે ગપ્પા મારતી વખતે કેટલાય નવા સંકલ્પ કરી નાખ્યા. થોડાંક સપના જોઈ લીધા ને ઘણા અરમાન સજાવી લીધા. બકેટ લિસ્ટ આખું ભરી દીધું. 'હવે ઓણ સાલ આટલું કરી જ નાખવું છે' નો વિચાર કરતા કરતા જૂનું વર્ષ કેલેન્ડર સાથે સરકતું રહે છે. થોડાક અધૂરા સપનાઓ ફરી પુરા થઈ જશે તેવી લાલચમાં નવું વરહ નવી ધૂપ છાંવ લઈને ઉંબરે ઉભી જાય છે. ઈનવું વરહ

#૨૦૨૧ (તમારા અભિપ્રાયો pateljigna1190@.com પર આપી શકો છો.)

# યે રાહે લે હી જાયેંગી મંજિલ તક હૌસલા રખ, કભી સુના હૈ કી અંધેરા ને સવેરા ન હોને દિયાપ!

શાહ ધ્વની
ધ્વનીના સથવારે



કોઈ આપણને એવું કહે કે તમારે તો જલસા છે હ, કેહવુ પડે..! આનો અર્થ એ થાય કે આપણે જેવી જિંદગી જીવી રહ્યા છીએ જેના માટે આપણને કદાચ અસંતોષ,ફરિયાદ,ગુસ્સો,ઘૃણા કે ઓછપ અનુભવાતી હોય પણ બીજા ઘણાની માટે આપણું જીવન એમનું એક સપનું હોય છે એટલે કે એ લોકો અત્યારે આપણે જે સ્ટાન્ડર્ડ ની જિંદગી જીવી રહ્યા છીએ, એવું તેઓ પણ ભવિષ્યમાં મેળવવા ઈચ્છે છે. આપણી અત્યારની જિંદગી કોઈના માટે ભવિષ્ય હોય,આવા લોકો માનતા હોય છે કે કાશ મને પણ આવી જિંદગી મળે !

**Life is very precious be grateful fro having it.**

જો તમને પણ આવું કશુંક સાંભળવા મળ્યું હોય તો ખુશી અને ગર્વની અનુભૂતિ કરજો..ના, એટલાં માટે તો બિલકુલ નહિ જ કે તમે લોકો કરતાં ચઢિયાતા છો, ને લોકો તમારાથી પાછળ છે, પણ એટલા માટે કે તમે એ જિંદગી જીવી રહ્યા છો જેને જીવવી કોઈનું સપનું છે તો કોઈની ઈચ્છા છે કે તેમને પણ આવી જિંદગી જીવવા મળે.સો **feel lucky.**

**Never stop being proud of who you are.**

તમને જે પણ મળ્યું છે તે શ્રેષ્ઠ છે અને ઘણું જ સારું તથા ખપ પૂરતું છે. વધુમાં જે મેળવવાં આપણે બધા દોડી રહ્યા છીએ એ તો ઝાંઝવાના નીર જેવું જ થયું કે ક્યાંય પહોંચીને સંતોષ નહીં,અને ઈચ્છીએ તો પણ ત્યાં સુધી પહોંચી તો ન જ શકાય.. જેને ચાલીને જવું પડે છે તે ઈચ્છશે કે તેને સાયકલ મળી જાય અને તે થોડી વધુ સહેલાઈપૂર્વક અને ઝડપથી પહોંચી શકે,જેની પાસે સાયકલ છે તે ઈચ્છશે કે તેને બાઈક મળે જેથી તેને રોજ પેન્ડલ મારવાની મહેનતમાંથી મુક્તિ મળે અને વધુ ઝડપથી પહોંચી શકાય,જેની પાસે બાઈક છે તે ઈચ્છશે કે કાશ એને કાર મળી જાય જેથી તેને હવામાનથી રક્ષણ મળે જેની પાસે કાર છે તે વધુ ઝડપથી અને સુવિધા પૂર્વક પહોંચવા માટે વિમાનની મુસાફરી ઈચ્છશે અને વિમાનવાળા ભાઈ જાહોજલાલી અને સ્વતંત્રતા માટે હેલિકોપ્ટરની ઈચ્છા સેવશે.અને જેમની પાસે હેલિકોપ્ટર છે એમને વળી સ્વાસ્થ્ય સારું રાખવા માટે ચાલવા અને જીમમાંજવું પડે અને હેલિકોપ્ટરનો મેઈટેનન્સ નહિ પોસાય એટલે એ વિચારશે કે આ સાયકલ વાળાને સારું કંઈ માથાકૂટ તો નહિ કંઈ નડે નહિ અને હવા ભરીને એયને ચાલતા. **The art of being happy is to be satisfied with what you have.**

જીવન જેવું છે તેવું સરસ છે ને આવું જ છે, ક્યાંય પણ પહોંચીને પણ સારી જગ્યાએ પહોચ્યાં નો આનંદ તો ન જ મળે એ તો લેવો પડે..

ખુશી ક્યારેય મળતી નથી એને તો ચુંટી ચુંટીને મેળવવી પડે ત્યારે ખુશ થવાય અને ત્યારે જ સ્પષ્ટપણે જાણવા મળે કે આપણે પણ કોઈનું સપનું જીવી રહ્યા છીએ.

**The life that you are living is also a dream of millions. so always be satisfied with your life.** (ક્રમશઃ)

# એમેઝોન પછી ડોમિનોઝ મનસેના રડારમાં

## મરાઠીમાં એપ લોંચ કરવાની માગણી

ચક્રવાત ટીમ, મુંબઈ,૧

હાલમા જ એમેઝોન કંપનીના હોલ્ડીંગ અએ બેનર પર કાળી શાહી લગાડી મરાઠીમા લખવાની માગણી કરનાર મનસેએ હવે ડોમિનોઝ પર સરસંધાન તાક્યુ છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ ડોમિનોઝની એપ્લીકેશન મરાઠીમા ઉપલધ્ધ કરાવવાની માગણી કરી હતી,અન્યથા મનસે સ્ટાયલમા પાઠ ભણાવાશે એવી ચિમકી આપી હતી.જો કે એમેઝોન મામલેના વડા રાજ ઠાકરે અને સેક્રેટરીને પાંચમી જાન્યુઅરીએ દિડોશી કોર્ટમા હાજર થવા જણાવાયુ છે.

પિઝા ,કોક ચોકલેટ માટે પ્રખ્યાત એવા ડોમિનોઝની એપ્લીકેશન હાલમા અંગ્રેજી ભાષામા છે.પરંતુ આ એપ્લીકેશન મરાઠી ભાષામા હોવી જોઈએ આથી મરાઠી માટે ઉપલધ્ધ કારવવાની મનસેએ માગણી કરી હતી.ડોમિનોઝ દ્વારા મનસેની માગણી ધ્યાનમા લેવાય છે અને ટૂંક સમયમા ડોમિનોઝની એપ્લીકેશન મરાઠી ભાષામા ઉપલધ્ધ કરાવીશુ તેમ પત્ર લખી મનસેને ખાતરી અપવામા આવી હતી.આમ મનસે દ્વારા ફરી એકવાર મરાઠી માણુસને નોકરી અને મરાઠી ભાષાને પ્રાધાન્યતા આપવાની કવાયત શરૂ કરવામા અવી છે.

એમેઝોનની વેબસાઈટ પર મરાઠી ભાષાનો વિકલ્પ ઉપલધ્ધ કરાવવા મનસેએ થોડા દિવસ પહેલા આંદોલન છેડ્યુ હતુ તેમજ એમઝોનના બેનર અને હોર્લ્ડીંગ પર કાળી શાહી ચોપડી વિરોધ વ્યક્ત કર્યો હતો.આની સામે એમેઝોને કોર્ટમા ફરિયાદ નોંધાવવામા આવતા મનસેના વડા રાજ ઠાકરે અને સેક્રેટરીને કોર્ટમા હાજર થવાનું સમંન્સ પાઠવતા મનસે હવે એમઝોનની સાથે સાથે ડોમિનોઝ પર પણ નિશાન તાક્યુ છે.મુંબઈ,નવી મુબઈ,પૂણે અને ઔરંગાબાદમા એમેઝોનની ઓફિસ અને ગોડાઉનમા તોડફોડ કરવાની યોજના પણ બનાવાય હતી.જો કે આખરે એમેઝોને શરણાગતી સ્વીકારી સાત દિવસમા વેચસાઈટ પર મરાઠી ભાષા ઉપલધ્ધ કરાવવાની ખાતરી આપી હતી.દરમિયાન ડોમિનોએ એક પત્ર લખી મરાઠીમા એપ્લીકેશન લોંન્ચ કરવની ખાતરી આપતા મનસે એ હાલ વેઈટ એન્ડ વોચના મૂડમા છે.

## મોરબીના ઉદ્યોગપતિ દ્વારા ધાબળાનું વિતરણ



મોરબીના સિરામિક ઉદ્યોગપતિ દ્વારા શિયાળાની ઋતુમાં કડકડતી ઠંડી વચ્ચે રહીને પોતાના અને પરિવાર માટે રોજીરોટી કમાતા કારીગરો અને વર્કરોની ચિંતા કરવામાં આવી છે અને દર વર્ષની જેમ આ વર્ષે પણ સારી ક્વોલિટીના બ્લેંકનું વિતરણ લ્યુમેન સિરામિક પ્રવાઈવેટ લિમિટેડ તેમજ લેકિસકોન સિરામિક પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં કારીગરોને આપવામાં આવ્યા છે મોરબી સિરામિક એસોશિસ્એશન (વોલ ટાઈલ્સ) ડીવીઝનના ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ સંઘાત દ્વારા તેમની બને ફેક્ટરીમાં કામ કરતા કર્મચારીઓ તેમજ વર્કરોને બ્લેન્કેટ ભેટ આપી કાતિલ ઠંડીમાં રક્ષણ મળે તે હેતુથી અર્પણ કરેલ છે.

## ૨૪ મોબાઈલ સાથે રિઢો ગુનેગાર ઝબ્બે....




રાત્રીના સમયે દુકાનનું છાપરૂ તોડી અંદર પ્રવેશી મોબાઈલ ફોનની ચોરી કરનારા રીઢા ગુનેગાર યશ દશરથ ગાયકવાડની કાસરવડવલી પોલિસે ધરપકડ કરી ૭૬ હજાર રૂપિયાની કિમતના ૨૪ મોબાઈલ ફોન હસ્તગત કર્યા હતા.

# મુંબઈ : ડિસેમ્બરમાં સૌથી વધુ મકાનોનું વેચાણ

## સરકારની તિજોરીમા બહુમુલ્ય આવક થઈ



ચક્રવાત ટીમ, મુબઈ,૧

કોરોના અને લોકડાઉનને કારણે વિશ્વભરમા તમામ ક્ષેત્રમા મંદીનું વાતાવરણ જોવા મળ્યુ હતુ. દેશની આર્થિક રાજધાની મુંબઈ પણ તેમાથી બાકાત રહ્યુ ન હતુ.ખાસ કરીને બાંધકામ ક્ષેત્રમા ચારે તરફ નિરાશાજનક વાતાવરણ છવાય ગયુ હતુ.આમ છતા ૨૦૨૦ની આખરમા નવેમ્બર અને ત્યાર બાદ ડિસેમ્બરમા સૌથી વધારે ઘરનું વેચાણ થતા બાંધકામ ક્ષેત્રને વેગ મળ્યો હતો. તો સરકારની તિજોરીમા પણ મબલખ આવક થઈ હતી.આનું મુખ્ય કારણ સ્ટેમ્પ ડયુટીમા ઘટાડો અને બ્લિડર દ્વારા અપાયેલી છૂટછાટ અને સસ્તી બેંક લોનનો સમાવેશ થયો હતો. મુંબઈમા નવેમ્બર બાદ ડિસેમ્બરમા ઘરનું વેચાણ આખા વર્ષમા સૌથી વધુ થયુ હતુ.૩૧ ડિસેમ્બર બપોર સુધી ૧૯,૨૨૦ ફ્લેટનું વેચાણ થયુ હતુ જેમા ૨૮ થી ૩૧ ડિસેમ્બર ચાર દિવસમા ૩,૪૨૫ ફ્લેટનું રજીસ્ટ્રેશન કરવામા આવ્યુ હતુ. મુંબઈ બાંધકામ ક્ષેત્રની સાથે અન્ય વ્યવસાયમા પણ અગ્રતાક્રમ ધરાવે છે.કોરોના અને લોકડાઉનની શરૂઆત થતા બાંધકામ ક્ષેત્રના મજૂરો પોતપોતાના વતન જવા નીકળી ગયા હતા.લોકોની નોકરી ખતરામા આવી ગઈ હતી.મંદીનો માહોલ છવાય ગયો હતો.ઓગસ્ટ બાદ પરિસ્થિતી ધીરે ધીરે થાળે પડવા લાગી હતી.સરકારે સ્ટેમ્પ ડ્યુટી બે ટકા કરી નાખી હતી,આનો લાભ ૩૧ ડિસેમ્બર સુધી જ મળવાનો હતો અને ૧લી જાન્યુઅરીથી સ્ટેમ્પ ડ્યુટી ૩ ટકા થવાની હતી.આથી ડિસેમ્બરના અંતમા ઘરનું રજીસ્ટ્રેશન કરાવવા દોટ મુકી હતી.જેનો સીધો લાભ બિલ્ડરો અને સરકારની તિજોરીને થયો હતો. વર્ષ ૨૦૨૦ દરમિયાન વેચાયેલા ફ્લેટની અંદાજીત કિમત એક લાખ કરોડ જેટલી થવા પામે છે...૨૦૧૯મા વેચાયેલા ફ્લેટની કિમત ૯૦,૭૬૯ કરોડ રૂપિયા હતા. આખા મુબઈમા ૨૫ ડિસેમ્બર સુધી રજીસ્ટ્રેશન થયેલા ફ્લેટની સરેરાશ ટકાવારી ૫૮૫ જેટલી હતી.જ્યારે ૨૭ થી ૩૦ ડિસેમ્બર સુધીમા આ આંકડો ડબલ થઈને ૧,૧૧૯ થયો હતો.બાંધકામ ક્ષેત્રના માંધાતાઓને આશા છે કે વર્ષ ૨૦૨૧મા આ આકડો વધી જશે અને રીઅરીટી સેકટરને પૂશ મળશે. બાંધકામ ક્ષેત્રના ઉછાલાને કારણે રાજયની તિજોરીની મહેસુલી અવકમા ધરખમ વધારો થયો હતો.૨૦૨૦મા ફ્લેટ રજીસ્ટ્રેશનને કારણે સરકારની તિજોરીમા અંદાજે ૩,૧૯૭ કરોડ રૂપિયાની મહેસૂલી આવક થઈ છે. જેમાથી ૧,૩૫૦ કરોડ રૂપિયાની આવક ડિસેમ્બર મહિનામા થઈ છે.તો ૧ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૦ ઓગસ્ટ સુધી ૧,૭૫૬ કરોડ રુપિયા જમા થયા હતા.

# ૩૧ ડિસેમ્બરની રાત્રે શહેરમાંથી અજગર અને કોબ્રા પકડાયા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧

મુંબઈ શહેરમા એકબાજુ લોકો ૩૧ ડિસેમ્બરની રાત્રે નવા વર્ષને વધાવવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે ધારાવી અને પાર્લાના ઘરમાથી વિશાળ અજગર અને કોબ્રાએ દેખા દેતા સનસનાટી મચી ગઈ હતી,જો કે મુંબઈ પોલિસના જાંબાજ કોન્સ્ટેબલે જીવના જોખમે અજગરને પકડી લીધો હતો.તો વિલેપાર્લામા ગ્રાઉન્ડ ફ્લોરના ટોયલેટમા ફસાયેલ કોબ્રાને સર્પમિત્રએ બચાવી લીધો હતો.આ બન્ને ઘટનાને કારણે અહિના પરિઈસરમા રહેતા લોકોમા ભયની લાગણી વ્યાપી ગઈ હતી.



મુંબઈની ધારાવીના વાય જંકશન ખાતે પહેલે માળે એક ઘરમા વિશાળકાય અજગરે દેખા દીધી હતી.આથી ઘરમા રહેતા લોકો નાસી અને બહાર જતા રહ્યા હતા.ઘરમા અજગર પ્રવેશ્યોની જાણ થતા મોટા પ્રમાણમા લોકોની ભીડ એકઠી થઈ હતી જો કે અ ઘટનાની જાણ મુંબઈ પોલિસમા કામ કરતા કોન્સ્ટેબલ મુરલીધર જાદવને થતા તેણે જીવના જોખમે હાથમા અજગરને પકડી લીધો હતો.અહી ઉપસ્થિત લોકોએ જાદવને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો,અને નવા વર્ષની શુભેચ્છા આપી હતી. બીજી ઘટના વિલેપાર્લે પૂર્વમ ઘટી હતી.અહિ ગ્રાઉન્ડ ફ્લોરમા આવેલ એક ફ્લેટના ટોયલેટમા પાંચ ફૂટ લાંબો કોબ્રા ફસાય ગયો હતો.ઘરના માલિક અને અન્ય પડોશીઓએ આ ઘટનાની જાણ પોલિસ અને ફાયર બિગ્રેડને કરી હતી.દરમિયાન નજીકમા રહેતા એક સર્પ મિત્રને બોલાવવામા આવ્યો હતો.જેણે ટોયલેટમા ફસાયેલા કોબ્રાને સુખરૂપ બચાવ્યો હતો અને પ્રાણીઓની હોસ્પિટલમા લઈ જઈ મેડિકલ ટ્રીટ્મેન્ટ કરાયા બાદ સુરક્ષિત સ્થળે છોડી મૂક્યો હતો.

# હાફકિન મેડિકલ સપ્લાયરોની લડતને ૧૮ દિવસ પૂરા થયા

ચક્રવાત ટીમ, મુંબઈ ,૧

શહેરની સરકારી હોસ્પીટલોમા મેડિસિન સપ્લાય કરતી હાફકિન ઈંન્સ્ટીટ્યુટ દ્વારા મેડિકલ સપ્લાયરોને પૂરુ પેમેન્ટ ન અપાતા છેલ્લા ૧૮ દિવસથી તેમણે મેડિકલ પૂરવઠો પ્રો પાડવાનું બંધ કર્યુ છે.આથી શહેરની સરકારી હોસ્પીટલોમા સર્જીકલ સાધનો અને મેડિસિનની અછત સર્જાતા તેમણે છપાયેલી કિમતે મેડિકલ સ્ટોરમાથી ખરીદી કરવી પડે છે,બીજી બાજુ હાફકિન દ્વારા દાવો કરવામા આવ્યો છે કે અમે ધીરે ધીરે પેમેન્ટ કરી રહ્યા છે અને સરકારી હોસ્પીટલ પ્રશાસન દ્વારા મેડિસિન ખરીદવામા આવી હોય તેવી તેમને જાણ નથી. હાફકિન ઈંન્સ્ટીટ્યુટમા મેડિસિન સપ્લાય કરતા ૧૦૦ જેટલા સપ્લાયરોનું પેમેન્ટ મળ્યુ નથી,આ આકડો ૧૦૦ કરોડથી વધારે હોવાનું કહેવાય છે,જો કે હાફકિન ઈંન્સ્ટીટ્યુટના જનરલ મેનેજર કુંભારેએ આ અંગે જણાવ્યુ હતુ કે અમારે પેમેન્ટ ચૂકવવાનું બાકી હતુ હવે ધીરેધીરે કરી પેમેન્ટ અપાય રહ્યુ છે.કેટલાક સપ્લાયરોએ પ્રક્રિયા પૂરી કરી ન હોવાને કારણે પેમેન્ટ અટવાય પડ્યુ છે તો કેટલાકને આપવાનું બાકી છે.જો કે આકડો કેટલો છે તેની પોતાને જાણ ન હોવાનું કુંભારે એ ઉમેર્યુ હતુ.બીજી બાજુ સરકારી હોસ્પીટલમા મેડિસિનની સપલાય ન થતા સર્જીકલ સાધનો અને કેટલીક દવાની અછત સર્જાય છે.આ માટે તેમણે નિયત કિમત કરતા છપાયેલી કિમત અથવા અન્ય સપ્લાયરો પાસેથી દવા ખરીદવી પડે ચે.અમ ભોગ તો આખરે પ્રજા જ બને છે.આ અંગે કુંભારેએ પોતાને કોઈ જાણકારી ન હોવાનુ જણાવ્યુ હતુ,અને સપ્લાયરો પર દોષનો ટોપલો ઢોળવાની કોશિશ કરી હતી.સપ્લાયરો પણ ટસના મસ થવાના મૂડમા નથી અને પેમેન્ટ નહિ મળે ત્યાં સુધી સપ્લાય નહિ કરે તેવી જીદ લઈ બેઠા છે.

# સગીરાએ બાળકને જન્મ આપ્યો બળાત્કારના ગુનામા મહિલા સહિત આરોપીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ,૧

વિરારમા ૧૬ વર્ષની તરૂણી પર બળાત્કાર ગુજારીને ગર્ભવતી થતા પિડિતાએ બાળકને જન્મ આપ્યો હતો. પિડિતાએ કરેલ ફરિયાદે અર્નાલા પોલિસે મહિલા સહિત આરોપી વિરુધ્ધ પોસ્કો હેઠળ ગુનો નોંધી અટક કરી છે.

વિરાર વિસ્તારમા રહેતી ૧૬ વર્ષની તરુણી પર આરોપીએ ડિસેમ્બર ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ દરમિયાન અનેક વખત ધાકધમકી આપી શારીરીક સબંધ બાંધતો હતો. તે પિડિતાને એક મહિલા આરોપીના ઘરે લઈ જતી હતી.તેમજ આરોપી જ્યારે પિડિતા સાથે શારિરીક સબંધ બાધતો હતો ત્યારે તે મહિલા ઘરની બહાર દરવાજા પાસે ઉભી રહેતી હતી. અંતે ૨૮ ડિસેમ્બરના રોજ પિડિતાએ બાળકને જન્મ આપ્યો હતો.પિડિતાએ અર્નાલા પોલિસમા મંગળવારે તે મહિલા સહિત આરોપી વિરુધ્ધ ગુનો નોંધાવ્યો હતો.

# પિતાની હત્યા કરનાર પુત્રને જન્મટીપની સજા

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

એક નજીવા ક્ષુલ્લક કારણસર ગુસ્સામા પિતાની હત્યા કરનાર પુત્રને કોર્ટે જન્મટીપની સજા ફટકારી હતી.ભિવંડી તાલુકાના પાયે ગામની હ્દમા નવે પેઢરી ખાતે ખેતરમા કામ કરવાનુ કહેનાર પિતા સાથે થયેલ પુત્રની બોલાચાલીએ ગુસ્સે ભરાતા પિતા પર કુહાડી વડે વાર કરી હત્યા કરી હતી થાણા સેશન્સ કોર્ટે આરોપી પુત્ર સુરેશ ધર્મા ધિંડા (૫૦)ને જન્મટીપની સજા ફટકારી હતી. ૨૦૧૭ ડિસેમ્બરમા ૭૨ વર્ષીય પિતા ધર્માશંકર ધિડાએ ૫૦ વર્ષના પુત્ર સુરેશને પોતાને ખેતીમા મદદ કરવા માટે જણાવ્યુ હતુ.જો કે સુરેશને તે વાત પસંદ ન આવી હતી આથી પિતા સાથે બોલાચાલી થઈ હતી,અને દારૂના નશામા ધૂત સુરેશે ઉશ્કેરાટમા પિતા પર કુહાડીના ઘા ઝિકી હત્યા કરી હતી.આ ઘટનાની ભિવંડી તાલુકાના પોલિસ મથકમા ફરિયાદ થઈ હતી.પોલિસે સુરેશની ધરપકડ કરી હતી.આ પ્રકરણે થાણા સેશન્સ કોર્ટમા કેસ ચાલ્યો હતો.અને થાણે જિલ્લાના સેશન્સ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ આર.એમ. જોશીએ સુરેશને જન્મટીપ અને ૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.જો દંડ ન ભરે તો ૧૫ દિવસ વધુ કેદની સજા ફરમાવી હતી.આમ પિતાની હત્યા કરનારા પુત્રએ હવે જેલના સળિયા પાછળ જીવન વિતારવુ પડશે.

# એનસીબી દ્વારા ૫૧ લાખના કોકેઈન સહિત આફ્રિકનની ધરપકડ

## અંધેરી અને વરલીમા ત્રણ ડ્રગ ડિલરો પકડાયા

ચક્રવાત ટીમ, મુંબઈ ૧

નવા વર્ષની પૂર્વ સંધ્યાએ નાર્કોટીક્સ કંન્ટ્રોલ બ્યુરોના બ્રાંન્દ્રા યુનિટ દ્વારા એકાવન લાખ રૂપિયાની કિમતના કોકેન સાથે એક આફ્રિકનની ધરપકડ કરવામા આવી હતી. આ ઉપરાંત ફોર વ્હીલર પણ જપ્ત કરવામા આવ્યુ હતુ. અન્ય એક બનાવમા એનસીબીના અધિકારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધરી અંધેરી અને વરલીમા છાપો મારી વિપુલ પ્રમાણમા ડ્રગ્સ જપ્ત કરી ત્રણ ડ્રગ ડિલરોની ધરપકડ કરી હતી. એનસીબીના મુંબઈ વિભાગના દત્તાત્રેય નલાવડે એ માહિતી આપી હતી કે નવા વર્ષની ઉજવણી માટે ડ્રગ ડિલરો મોટા પ્રમાણમા દ્રગ વેચવાની કોશિશ કરી રહ્યા હોવાની માહિતી મળી હતી,આથી એનસીબીના તમામ યુનિટને પેટ્રોલીંગ અને તપાસ કરવાનો આદેશ આપવામા આવ્યો હતો. એનસીબીના બ્રાંન્દ્રા યુનિટને પેટ્રોલિંગ દરમિયાન એક આફ્રિકન નાગરિક શંકાસ્પદ સ્થિતીમા ફરતો નજરે પડ્યો હતો.આથી તેની અને કારની તલાશી લેતા એકાવન લાખ રૂપિયાની કિમતનું ૨૦૪ ગ્રામ કોકેન મળી આવ્યુ હતુ. આ કોકેન કયાથી લાવ્યો અને કોને વેચવાનો હતો એનસીબી તેની તપાસ કરી રહી છે. આવા જ એક અન્ય બનાવમા એનસીબીના અધિકારી સમીર વાનખેડેના માર્ગદર્શન હેઠળ અંધેરી અને વરલીમા રેડ પાડી ચરસ,ગાંજા અને અન્ય ડ્રગ્સનો વિપુલ જથ્થો જપ્ત કરી ત્રણ ડ્રગ ડિલરોની ધરપકડ કરવામાઆવી હતી. અભિનેતા સુશાંત સિંહના મ્રુત્યુ બાદ બોલીવુડમા દ્રગ્સની હેરાફેરીને લઈ કોહરામ મચી જવા પામ્યો છે. ટોચના હિરો હિરોઈન ,નિર્માતા ,દિગદર્શકની પણ અ અંગે પૂછપરછ થઈ છે. કેટલીક ધરપકડો થઈ છે તો ટૂંક સમયમા વધુ ધરપકડો થવાની સંભાવના છે.છેલ્લુ નામ અર્જુન રામપલનુ ચર્ચાય રહ્યુ છે. જેની ગર્લફ્રેન્ડના ભાઈની ડ્રગ કેસમા ધરપકડ થયા બાદ અર્જુન પણ એનસીબીના રડાર પર આવ્યો છે. તો ધર્મા પ્રોડકશનના ક્ષિતિજ પ્રસાદની પણ ધરપકડ થઈ હતી. અને કરણ જોહરની પણ પૂછપરછ થઈ હતી. આમ બોલીવુડમા ડ્રગ્સનું ભુત ફરી ધુણતા નવા વર્ષમા કોણ એનસીબીના સાણસામા સપડાશે તેની ચર્ચા ચાલી રહી છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૮ અને ચાંદીમાં રૂ.૫૯૬ની સાપ્તાહિક ધોરણે વૃદ્ધિ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૨૮થી ૩૧ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ રહી હતી, જ્યારે તમામ બિનલોહ ધાતુઓ ઘટીને બંધ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને નરમ રહ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને સીપીઓમાં સુધારા સામે રબર અને મેન્થા તેલમાં ઘટાડો વાયદાના ભાવમાં થયો હતો. દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૬૮૭ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૮૫૦ અને નીચામાં ૧૫,૫૮૨ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૨૬૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૪૮ પોઈન્ટ વધી ૧૫,૬૬૮ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૭૦૫ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૪૭૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૩૩૯ પોઈન્ટ ઘટીને ૧૩,૩૪૯ના સ્તરે બંધ થયો હતો. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૨૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૦,૫૮૦ અને નીચામાં રૂ.૪૯,૮૫૭ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૮ના ભાવવધારા સાથે રૂ.૫૦,૧૫૧ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦,૩૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮૮ના ભાવવધારા સાથે રૂ.૪૦,૨૬૮ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૦૩૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫ સુધરી બંધમાં રૂ.૫,૦૨૦ના ભાવ થયા હતા. ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૯,૦૦૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૯,૮૦૦ અને નીચામાં રૂ.૬૭,૭૦૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૫૯૬ના ઉછાળા સાથે રૂ.૬૮,૧૦૫ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૭,૮૯૪ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૦૧ની વૃદ્ધિ સાથે રૂ.૬૮,૦૭૯ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૭,૪૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૦૯ના ભાવવધારા સાથે બંધમાં રૂ.૬૮,૦૮૬ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૫૪૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૬૦૮ અને નીચામાં રૂ.૩,૪૯૩ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૩૦ ઘટી બંધમાં રૂ.૩,૫૨૪ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫.૪૦ ઘટી રૂ.૧૮૨.૧૦ થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૮૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮.૫૦ વધી રૂ.૧,૧૯૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૦,૬૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૦,૭૯૦ અને નીચામાં રૂ.૨૦,૪૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૭૦ના ઉછાળા સાથે રૂ.૨૦,૬૩૦ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ પામતેલ (સીપીઓ)નો જાન્યુઆરી વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૯૬૬ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬.૫૦ વધી રૂ.૯૭૭.૮૦ના ભાવે બંધ થયો હતો.

# કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૪૩૦નો મન્થલી ઉછાળો: કપાસમાં રૂ.૧૦.૫૦ તૂટ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ડિસેમ્બર (૧થી ૩૧ ડિસેમ્બર)ના મહિના દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨,૨૩૩ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૭,૮૮૩ ઊછળ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં સેંકડા વધ્યા હતા, જ્યારે નેચરલ ગેસમાં ઘટાડો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૪૩૦નો મન્થલી ધોરણે ઉછાળો હતો. આ સામે કપાસ ૨૦ કિલોદીઠ રૂ.૧૦.૫૦ તૂટ્યું હતું. સીપીઓનો વાયદો પણ તેજ બંધ થયો હતો. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો મહિનાના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૦૯૭ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૧,૦૦૯ અને નીચામાં રૂ.૪૭,૭૭૧ના સ્તરને સ્પર્શી, મહિનાના અંતે રૂ.૨,૨૩૩ (૪.૬૬ ટકા)ના ઉછાળા સાથે રૂ.૫૦,૧૫૧ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૮,૬૮૦ ખૂલી, મહિનાના અંતે રૂ.૧,૬૧૪ (૪.૧૮ ટકા)ના ભાવવધારા સાથે રૂ.૪૦,૨૬૮ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૮૫૭ ખૂલી, મહિનાના અંતે રૂ.૧૬૯ (૩.૪૮ ટકા) ઊછળી બંધમાં રૂ.૫,૦૨૦ના ભાવ થયા હતા. સોનાનો મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૯૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૦,૭૧૬ અને નીચામાં રૂ.૪૭,૮૮૦ બોલાઈ મહિનાના અંતે રૂ.૨,૦૪૮ (૪.૨૬ ટકા)ના ઉછાળા સાથે રૂ.૫૦,૦૮૧ના સ્તરે બંધ થયો હતો. ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો મહિનાના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૧,૦૧૨ ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૭૧,૬૫૦ અને નીચામાં રૂ.૬૦,૫૭૫ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના મહિનાના અંતે રૂ.૭,૮૮૩ (૧૩.૦૯ ટકા)ના ઉછાળા સાથે રૂ.૬૮,૧૦૫ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૦,૨૭૦ના ભાવે ખૂલી, મહિનાના અંતે રૂ.૭,૮૦૦ (૧૨.૯૪ ટકા)ની વૃદ્ધિ સાથે રૂ.૬૮,૦૭૯ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૦,૫૦૦ ખૂલી, મહિનાના અંતે રૂ.૭,૭૯૨ (૧૨.૯૨ ટકા)ના ભાવવધારા સાથે બંધમાં રૂ.૬૮,૦૮૬ના ભાવ થયા હતા. બિનલોહ ધાતુઓમાં તાંબાનો જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૫૮૬.૨૫ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઊપરમાં રૂ.૬૧૮ અને નીચામાં રૂ.૫૮૦.૪૦ બોલાઈ અંતે રૂ.૧૨.૯૫ (૨.૨૩ ટકા)ની વૃદ્ધિ સાથે રૂ.૫૯૪.૭૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિકલનો જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧,૨૧૦.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૩૩ અને નીચામાં રૂ.૧,૧૯૦ બોલાઈ, મહિનાના અંતે રૂ.૫.૭૦ (૦.૪૭ ટકા) વધી બંધમાં રૂ.૧,૨૧૨.૨૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૬૭.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૮.૫૦ અને નીચામાં રૂ.૧૬૦.૩૦ બોલાઈ અંતે રૂ.૫.૯૦ (૩.૫૪ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૧૬૦.૯૫ બંધ થયો હતો, જ્યારે સીસાનો જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૬૦.૮૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬૪ અને નીચામાં રૂ.૧૫૪.૩૦ના સ્તરને સ્પર્શી મહિનાના અંતે રૂ.૫.૬૦ (૩.૪૭ ટકા) ઘટી રૂ.૧૫૬ના સ્તરે બંધ થયો હતો. જસતનો જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૨૧.૪૦ના ભાવે ખૂલી.

# ચોટીલામાં ઝૂંપડપટ્ટીના બાળકોને સ્વેટર વિતરણ

ચક્રવાત ટીમ ચોટીલા, તા.૧

બ્રિંગ અ સ્માઈલ ફાઉન્ડેશન હૈદરાબાદ અને રામ-રહીમ ફાઉન્ડેશન ચોટીલાના સંયુક્ત ઉપક્રમે ચોટીલા બાળા ભોળા હનુમાન પાસે આવેલ સરણિયા વસાહત ઝૂંપડપટ્ટી વિસ્તાર ના ૦ થી ૧૪ વર્ષ સુધીના ૮૦ જેટલા બાળકોને ગરમ સ્વેટર વિતરણ કરવામાં આવ્યા. આજનું યુવાધન ૩૧ ડીસેમ્બર અને ૧ જાન્યુઆરી ના દિવસે ઈટ,ડ્રીન્ક એન્ડ એન્જોય ના ગેરમાર્ગે વળ્યું છે ત્યારે આવી સામાજિક સંસ્થાઓ જરૂરિયાતમંદ લોકોના હૃદય સુધી પહોંચી તેને મદદ કરવા હમેશા ખડેપગે રહે છે. રામ-રહીમ ફાઉન્ડેશન-ચોટીલા તેની આગવી સામાજિક પ્રવૃત્તિથી હંમેશા લોકોના દિલ જીતતું આવ્યું છે. આ અગાઉ પણ રામ-રહીમ ફાઉન્ડેશન દ્વારા નવા વર્ષ ની ઉજવણી નિમિત્તે ખાંડ વિતરણ, બાળકો ને હોટેલ માં જમવા લઈ જવા, રાશન ની કીટ વિતરણ, વિદ્યાર્થીઓ માટે સ્ટેશનરી વિતરણ, મૂંગા પશુઓને લીલું નાખવું જેવી અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવેલ છે. આજે લોકો પોતાના પરિવાર સાથે ૩૧ ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણીમાં વ્યસ્ત છે ત્યારે બ્રિંગ અ સ્માઈલ ફાઉન્ડેશન હૈદરાબાદ અને રામ રહીમ ફાઉન્ડેશન ચોટીલા દ્વારા ખરા અર્થે નવા વર્ષની ઉજવણી કરીને સમાજને એક નવી પ્રેરણા અને આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આજે લોકો જન્મદિવસ, એનિવર્સરી અને નવા વર્ષની ઉજવણી પાછળ અઢળક ખર્ચાઓ કરે છે ત્યારે રામ-રહીમ



ફાઉન્ડેશન ના સભ્યો એ લોકોને આ માર્ગેથી વાળી એ પૈસાનો કોઈ સદુપયોગ કરી ગરીબ ના ઘરે અજવાળું કરવાની પ્રેરણા આપે છે. આજ ના આ સ્વેટર વિતરણ કાર્યક્રમમાં ચોટીલાના યુવા અને શિક્ષિત ધારાસભ્યશ્રી ઋત્વિકભાઈ મકવાણા, ચોટીલા મામલતદાર શ્રી પી.એલ. ગોઠી સાહેબ, વિચરતા સમુદાય સમર્થન મંચ ના હર્ષદભાઈ વ્યાસ, રામ-રહીમ ફાઉન્ડેશન ના પ્રમુખ મોહસીનખાન પઠાણ અને પત્રકાર મિત્રો ખાસ ઉપસ્થિત રહ્યા હતા, આ તકે બ્રિંગ અ સ્માઈલ ફાઉન્ડેશન હૈદરાબાદના અર્ચનાબેન, કાર્તિકેય રાજા, ત્રીપ્તિબેન સહિત ના લોકો ઝુમ એપ થી ઓનલાઈન જોડાયા હતા. આ કાર્ય ને સફળ બનાવવા માટે રામ રહીમ ફાઉન્ડેશનના વિજયભાઈ ચાવડા, મેહુલભાઈ ખંધાર, વિરમભાઈ ડાંગર, મોઈનખાન પઠાણ, પાયલબેન મોરી, જ્યોતિબેન સીતાપરા, નીતાબેન ચાવડા, રમાબેન ડાંગર, ઈમાનખાન પઠાણ, અરમાનખાન પઠાણ,રવિભાઈ ચાવડા સહિત ના સભ્યો એ બાળકો ના સર્વે થી લઈ વિતરણ સુધી ની ના કામ માટે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટમાં કોરોના વાયરસને હજુ હરાવ્યો નથી ત્યાં બીજા એક નવા રોગનું આગમન

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧

કોરોના વાયરસ ને હજુ હરાવ્યો નથી ત્યારે છેલ્લા બે મહિનામાં રાજકોટમાં ૬૦ દર્દીઓને મ્યુકર માયકોસીસ નામનો રોગ જીવલેણ બનવા પામ્યો છે અગાઉના વર્ષોમાં ૨ થી ૪ કેસ જોવા મળતા હતા પરંતુ રાજકોટ શહેરમાં કોરોના વાયરસ ને હરાવ્યા બાદ પણ ડાયાબિટીસ ગ્રસ્ત દર્દીઓ માટે વધુ હાનિકારક જોવા મળી રહ્યો છે.

રાજકોટ શહેરમાં આવેલ દોશી હોસ્પિટલમાં એક સર્વે અનુસાર મ્યુકર માઈકોસીસના ૨૨ જેટલા ઓપરેશન કરવામાં આવ્યા છે. દોશી હોસ્પિટલ ઈંદ્ સર્જન ડૉ. ડેનીશ આરદેશણાએ જણાવ્યું હતું કે મ્યુકર માઈકોસીસ નામનો રોગ





લોકોની ઝીણી નસોમાં હુમલો કરે છે વધુ જણાવતા ઉમેર્યું હતું કે કોરોના ના દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ ઘટી જતી હોય છે. ડાયાબિટીસના દર્દીઓની રોગ પ્રતિકારક શક્તિ પહેલાથી જ ઓછી હોય છે જેના લીધે નાકમાં રહેલા ભેજ અને રસી ના કારણે ફૂગ વધી જતી હોય છે અને સમયસર લેવામાં ન આવે તો ફુગનું ઈન્ફેક્શન જીવલેણ પણ થઈ શકે છે. ધીરે-ધીરે આ ફૂગ નાકમાંથી તાળવું આંખ તેમજ મગજ સુધી પહોંચી જાય છે અને ફૂગ લાગે એટલે સર્જરી સિવાય બીજી ઉપાય હોતો નથી.

# રાજકોટ રૈયાધારમાં લાકડાના પાટીયા સળગાવવા બાબતે પિતા-પુત્રને બે શખ્સોએ માર માર્યો





ચક્રવાત ટીમ, તા.૧

રાજકોટમાં રૈયાધારમાં લાકડાના પાટીયા સળગાવવા મામલે પિતા-પુત્રને પાડોશીએ લાકડી તેમજ સળગતા લાકડા વડે માર માર્યો આવ્યા હતા. ઘટનાથી પિતા-પુત્રને સારવાર માટે સિવિલમાં ખસેડાયા આવ્યા હતા. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર રૈયાધારમાં રહેતા જીવાભાઈ શામળાભાઈ મકવાણા (ઉ.વ.૫૦) અને તેનો પુત્ર સુરેશ જીવાભાઈ મકવાણા (ઉ.વ.૨૦)ને પાડોશમાં રહેતા સુનિલ વાણંદ અને તેના પુત્રએ લાકડી તથા સળગતા લાકડા વડે માર મારતાં સારવારમાં ખસેડાયા છે. સુરેશભાઈ કડીયા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે તેમ જીવાભાઈ ખેતીકામ કરે છે. જીવાભાઈએ જણાવ્યું કે સુનિલે અમારા લાકડા સળગાવી નાખ્યા હતા. જેથી તમે શું કામ સળગાવી નાખ્યા તેમ કહેતા મામલો બિચકતાં આરોપીઓએ હુમલો કર્યો હતો.

# સુરેન્દ્રનગરમાં હોસ્પિટલમાં ઘટતા સ્ટાફ અંગે રજૂઆત

### ટેક્નિકલ સ્ટાફ, કોમ્પ્યુટર ડેટા ઓપરેટર, નર્સિંગ પ્રિન્સિપાલની જગા ખાલી

ચક્રવાત ટીમ વઢવાણ, તા.૧

સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મહાત્મા ગાંધી સ્મારક સિવિલ હોસ્પિટલ મંજુર થયેલ મહેકમ મુજબ ખાલી પડેલી વર્ગ ના રેસીડેન્ટ મેડિકલ ઓફિસર, તબીબ કાન, નાક, ગળા, તબીબી ચામડી રોગ નિષ્ણાંત, તબીબી હાંડકા રોગ નિષ્ણાંત, તબીબી આંખ રોગ નિષ્ણાંત, તબીબી સ્ત્રી રોગ નિષ્ણાંત, મનો ચિકિત્સક, રેડીઓ લોજિસ્ટ, ડર્મેટોલીજીસ્ટ, માનદ કાર્ડીઓ લોજિસ્ટ, તબીબ નેફ્રો લોજિસ્ટ, તેમજ એમ. બી. બી. એસ. ની મંજુર થયેલ ૧૪ છે જેમાં ૯ એમ. બી. બી.



એસ. તબીબી અધિકારી ને મુકવા જરૂરિયાત છે. સુરેન્દ્રનગર જિલ્લા ની ૧૮ લાખ જેવી વસ્તી માટે આશીર્વાદ રૂપ સિવિલ હોસ્પિટલ મા જરૂરી મશીનરી, સીટી સ્કેન, એમ. આર. આઈ. મશીન, સોનોગ્રાફી મશીન, કાર્ડીઓલોજી મશીન, નવા વસાવવાની જરૂરિયાત છે અને સાથે સાથે મશીન ઓપરેટર, અને રેડીયોલોજીસ્ટ ની પણ નિમણુંક આપવી ખાસ જરૂરી છે, જેથી અકસ્માત સમયે દર્દીઓ ને ઘર આંગણે સારવાર મળી શકે. તેમજ જિલ્લા સિવિલ હોસ્પિટલ મા મંજુર થયેલ મહેકમ મુજબ 'સી.એમ. સેતુ' દ્વારા આવતા તબીબો રાત્રી દરમ્યાન તાત્કાલિક સારવાર ની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે આવી સકતા ન હોય કાયમી જગ્યા એ નિમણુંક આપવી જરૂરી છે. દાજેલા દર્દીઓ માટે બર્ન્સ એ. સી. સાથે અલાયદા વોર્ડ ની જરૂરિયાત છે, તેમજ સરકાર શ્રી દ્વારા આપવામાં આવતા વિકલાંગ પ્રમાણપત્ર માટે દર્દીઓ ને નક્કી કરેલ દિવસે આવતા તબીબી ઓ રજા પર હોય તો ધક્કો થાય છે, અને દર્દીઓ મુશ્કેલી અનુભવે છે. અધિક કલેકટર ને આવેદન પત્ર પાઠવતા જિલ્લા પ્રમુખ રૈયા ભાઈ રાઠોડ, જિલ્લા ઉપ પ્રમુખ સુબોધ જોષી, ધર્મેન્દ્ર સિંહ પરમાર, મોહન ભાઈ પટેલ, કાંતિભાઈ ટમાલીયા, ગિરિરાજ સિંહ ઝાલા, સાગરભાઈ ચામડિયા, રવિ ભાઈ મકવાણા, તથા કોંગ્રેસ સમિતિ ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી વિજય રૂપાણી રવિવારે તા.૩જી એ સોમનાથ મહાદેવના દર્શને

### મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી ૨૦૨૧ના નવા વર્ષમાં સૌ પ્રથમ ગીર સોમનાથ સોમનાથ મહાદેવના દર્શને



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૧

આગામી ૩ જાન્યુઆરી રવિવારનાં રોજ ઉના ખાતે કિસાન સર્વોદય યોજનાનાં લોકાર્પણ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત થવાના હોય ત્યારે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલું કરી દેવામાં આવી છે અને ગઈકાલે જીલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં સબંધિત અધિકારીઓની બેઠક મળી હતી જેમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ૩ જાન્યુઆરીના રોજ ગીરસોમનાથ મા આવતા હોય જેને લઈને તંત્રને એલર્ટ કરવામાં આવ્યુ હતું તેમજ તેઓ ઉના કાર્યક્રમ પૂર્ણ કરી અને સોમનાથ મહાદેવ ના દર્શને પધારે છે તેઓ સોમનાથ રાત્રી રોકાણ તેવી શકયતા દર્શાવવામાં આવી છે. હાલમાં મુખ્યમંત્રીના આગમનને લઈને વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયેલ છે.

# રાજકોટ શ્રીમદ્ ભવન ખાતે આવેલ શ્રી રામેશ્વર શરાફી સરકારી મંડળીનું ઉઠમણું

### ૪૨૦૦ રોકાણકારોના ૬૦ કરોડ રૂપિયા લઈને ફરાર

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧

રાજકોટમાં શ્રીમદ્ ભવન ખાતે આવેલી શ્રી રામેશ્વર શરાફી સહકારી મંડળીનું ઉઠમણું થઈ જતાં રોકાણકારો રોષે ભરાયા છે. ૪૨૦૦ રોકાણકારોના ૬૦ કરોડ રૂપિયા લઈને ફરાર થઈ જતાં શ્રી રામેશ્વર શરાફી મંડળીના ચેરમેન અને મેજર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. હાલ તો ભક્તિનગર પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં રહી છે. ૧૭ થાપણદારોએ ૩.૧૧ કરોડની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ કરવામાં આવી છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં




ચેરમેન સંજય દુધાત્રા, વાઈસ-ચેરમેન ગોપાલ રૈયાણી અને મેનેજર વિપુલ વસોયા સામે ફરિયાદ નોંધાવામાં આવી છે. આ સહકારી મંડળીમાં ૪૨૦૦ રોકાણકારોના ૬૦ કરોડ રૂપિયા રોકાયેલા હતા. ૬૦ કરોડ રૂપિયાને લઈને ચેરમેન સહિતના અધિકારીઓ ફરાર થઈ ગયા છે. જે લોકોએ રોકાણ કર્યું છે અને જે લોકો આ મંડળીની ઉચાપતનો ભોગ બન્યા હોય તેમણે મંડળી દ્વારા ફાળવવામાં આવેલી થાપણની રસીદની નકલ સાથે ભક્તિનગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માટે અપીલ કરવામાં આવી છે.

# જામનગરમાં જુગાર રમતા સાત મહિલા સહિત આઠ શખ્શો ઝડપાયા



ચક્રવાત ટીમ જામનગર,તા.૧

જામનગર શહેરના ખોડિયાર કોલોની વિસ્તારમાં પોલીસે રેઈડ દરમિયાન સાત મહિલા અને એક શખ્શ સહિત આઠ શખ્સોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પકડાયેલા લોકો પાસેથી રૂપિયા ૧૭ હજાર ૪૦૦ની રોકડ અને ગંજીપાનાની કીટ પોલીસે ઝડપી લીધા હતાં. આ દરોડાની મળતી વિગત મુજબ જામનગર શહેરના ખોડિયાર કોલોની વિસ્તારમાં ખોડિયાર માતાજીના મંદિર પાછળના વિસ્તારમાં જાહેરમાં તીન પત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. જેમાં પ્રફુલ્લ માણેકચંદ ગુટકા અને સાત મહિલાઓ સહિત આઠ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેની પાસેથી રૂપિયા ૧૭ હજાર ૪૦૦ની રોકડ અને ગંજીપાનાની કીટ ઝડપી પાડી પોલીસે આગળવી કાર્યવાહી હાથ ધરી હતી.

# વેરાવળ સિવીલ હોસ્પિટલમાં વોર્ડ બોયે નર્સની છેડતી કરતાં જેલ હવાલે

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧

વેરાવળ સિવીલ હોસ્પિટલના મેડીકલ સ્ટોર વિભાગમાં ફરજ બજાવતી નર્સ ત્રણ દિવસ પહેલાં બપોરના સમયે એકલી કામ કરતી હતી એ વખતે સાથી વોર્ડબોયે સ્ટોરમાં આવી તેની અશ્લિલ પજવણી કરી હતી અને ફરિયાદ ન કરવા ધમકી પણ આપી હતી. આ અંગે નર્સે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વોર્ડબોયને ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, વેરાવળ સિવીલ હોસ્પિટલના મેડિકલ સ્ટોર વિભાગમાં ફરજ બજાવતી એક નર્સ ત્રણ દિવસ અગાઉ બપોરના સમયે એકલી કામ કરી રહી હતી એ વખતે તેની એકલતાનો લાભ લઈ વોર્ડબોય તરીકે ફરજ બજાવતા શૈલેષ સોલંકીએ સ્ટોરમાં આવી તેની બાજુમાં બીજી ખુરશી રાખીને બેસી જઈ વાતચીત કરતાં કરતાં બિભત્સ માંગણી કરી તેનો હાથ પકડી અશ્લિલ પજવણી કરવા લાગ્યો હતો. આથી નર્સ ગભરાઈને સ્ટોરની બહાર નિકળી બૂમાબૂમ કરવા લાગી હતી. પરિણામે અન્ય વિભાગોમાં હાજર તબીબો અને સ્ટાફ દોડી આવ્યો હતો. આથી ઉશ્કેરાયેલા વોર્ડબોયે કોઈને કંઈ ન કહેવાનું જણાવી ધમકી આપી નાસી છૂટ્યો હતો. આ સમગ્ર મામલે નર્સે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# ઊનાના કાંધીની સીમમાં મકાનનું તાળુ તોડી ૧૦૦ મણ કપાસની ચોરી

### જમીન ભાગિયું રાખનારે મકાનમાં કપાસ ભર્યો હતો

ચક્રવાત ટીમ ઊના, તા.૧

હતી. રમેશભાઈએ તેમાં કપાસનું વાવેતર કર્યું હતું. જેની ઉપજ બાદ ઊનાના કાંધી ગામની સીમમાં એક એક માસ પહેલા વાડીમાં આવેલા ખેડૂતે વાડીના મકાનમાં કપાસ મકાનની અંદર ૮૦ થી ૧૦૦ મણ રાખ્યો હતો. રાત્રી દરમિયાન કપાસ રાખ્યો હતો. સાથે દવા તસ્કરોએ મકાનનું તાળું તોડી છાંટવાનો એક પંપ પણ હતો. ૧૦૦ મણ કપાસ અને ખેતીના આમ કુલ ૭૧ હજારનો મુદ્દામાલ સાધનોની ચોરી કરી ગયા હોવાની હતો. જેની તસ્કરોએ તા.૧ ડિસે. ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. રાત્રે ચોરી કરી હતી. રમેશભાઈ ઊનાના કાંધી ગામે ડેરીવાવ વાડીએ જતાં દરવાજાનું તાળું તૂટેલી સીમ વાડી વિસ્તારમાં રમેશભાઈ હાલતમાં જોવા મળતાં તેઓ ચોંકી બાબુભાઈ સોલંકીએ ખેતીની ઉઠ્યા હતા. અને આ અંગે ઊના જમીન પાકનું વાવેતર કરવા રાખી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# સાધનાકોલોનીમાંથી શરાબની બાર બોટલ સાથે ત્રણ ઝડપાયા

ચક્રવાત ટીમ જામનગર, તા.૧

જામનગરની સાધના કોલોનીમાં એક બ્લોકમાં અઢી વાગ્યે પોલીસે દરોડો પાડી શરાબની બાર બોટલ સાથે ત્રણ શખ્સને પકડી લીધા હતાં. તેઓની પાસેથી સપ્લાયરનું નામ ઓકાવાયું હતું. જયારે એક શખ્સ અડધી બોટલ સાથે ઝડપાઈ ગયો હતો. ઉપરાંત નશામાં વાહન ચલાવતા ત્રણ શખ્સ પોલીસની ગીરફતમાં આવ્યા હતાં.જામનગરના સાધના કોલોની વિસ્તારમાં આવેલા એક મકાનમાં અંગ્રેજી શરાબ પડ્યો હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે બ્લોક નં. એલ-૬૩ના રૂમ નં. ૪૦૦૮ માં દરોડો પાડ્યો હતો.

તે રૂમમાં રહેતાં પિયુષ મુકુંદરાય કાકુ ઉર્ફે પટેલના કબ્જામાંથી અંગ્રેજી શરાબની બાર બોટલ મળી આવી હતી. પોલીસે રૂા. ૬૦૦૦ની કિંમતની બોટલ કબ્જે લઈ આરોપીની પૂછપરછ કરતાં તેણે આ જથ્થો વેંચવા માટે સાધના કોલોનીના એલ-૯૯/૩૨૪૫ વાળા રીયાઝ વલીમામદ પીંજારા તથા સમીર હુશેન પીંજારા સાથે મળી મંગાવ્યો હોવાની અને પીંજારાવાસવાળા સાહિલ ફીરોઝ મોદીએ તે જથ્થો આપ્યાની કબુલાત કરી છે. પોલીસે ચારેય સામે ગુન્હો નોંધી પીયુષ, સમીર તથા રીયાઝની ધરપકડ કરી છે.જામનગરના પવનચક્કી વિસ્તારમાંથી ચિરાગ લલીતભાઈ ચાંદ્રા નામનો શખ્સ અડધી બોટલ શરાબ સાથે જતો હતો ત્યારે પકડાઈ ગયો હતો.જામનગરના પ્રણામી સર્કલ પાસેથી કરણ નારાયણભાઈ ચેલારામાણી નામનો શખ્સ જીજે-૧૦-સીસી-૩૯૧૩ નંબરના બાઈક પર નશાની હાલતમાં જતો મળી આવ્યો હતો અને ઉદ્યોગનગર પાસેથી જીજે-૧૦-ડીએ-૧૨૨૩ નંબરની મોટર લઈને જતો ક્રિપાલસિંહ જીતેન્દ્રસિંહ જાડેજા નામનો શખ્સ નશામાં વાહન ચલાવતો પકડાઈ ગયો હતો. દિગ્જામ સર્કલ પાસેથી યજ્ઞેશ જગદિશભાઈ ભટ્ટ નામનો શખ્સ કેફી પીણું પી ને મોટરસાયકલ પર ડબલ સવારીમાં નીકળતાં પોલીસે તેની અટકાયત કરી હતી.

# કેશોદમાં ઓનલાઈન ઈનામી ડ્રોના નામથી ચાલતી દુકાનોમાં પોલીસ રેઈડ

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧

કેશોદ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ઓનલાઈન યંત્રના વેચાણના નામે ઓનલાઈન ઈનામી ડ્રો શરૂ હોવાની બાતમીના આધારે પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવતાં ઓનલાઈન ઈનામી ડ્રો માટે ટીવી સ્ક્રીન જોવા મળી રહી હતી તેમજ જુદા જુદા ટોકનો જોવા મળ્યા હતા જે ગ્રાહકોને ૧૧ રૂપીયામાં ટોકન આપવામાં આવતું હતું તેમાં વિજેતા ગ્રાહકોને ચાંદિનો સિક્કો અથવા સો રૂપિયા રોકડા આપવામાં આવતા હોવાનું દુકાનદારે જણાવ્યું હતું કેશોદના માંગરોળ રોડ શેખ ગેરેજના નામે ઓળખાતી ગલીમાં પોલીસ દ્વારા રેઈડ કરવામા આવી હતી જયાંથી જુદા જુદા ટોકનો ચાંદિના સિક્કા સહિતના મુદામાલ સાથે દુકાન ચલાવતા વ્યક્તિને પોલીસ સ્ટેશન લઈ જવાયો



હતો ત્યાર બાદ કેશોદના

કોર્ટ નજીક બળોદર રોડ પર ચાલતી હતી ઓનલાઈન ઈનામી ડ્રોની દુકાનમાં પણ એવી જ રીતે ઓનલાઈન ઈનામી ડ્રોના ટોકનના મુદામાલ સાથે દુકાન ચલાવતા વ્યક્તિને પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો તેમજ કેશોદના રેલવે ફાટક આગળ ચુડા ભઠ્ઠી રોડ પર પણ ઓનલાઈન ઈનામી ડ્રોની દુકાન ચાલતી હોય પોલીસ પહોંચે તે પહેલા તે દુકાનદાર દુકાન બંધ કરી જતો રહ્યો હતો. કેશોદ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ચાલતી ઓનલાઈન ઈનામી ડ્રો ની દુકાનો શરૂ કરવા બાબતે મંજૂરી લેવામાં આવી હશે કે કેમ કે પછી ઓનલાઈન યંત્રના વેચાણના નામે ઓનલાઈન ઈનામી ડ્રો વગર મંજૂરી ચાલતો હશે. તે પોલીસ તપાસ બાદ જ સત્ય હકીકત બહાર આવશે પણ વિવિધ વિસ્તારોમાં ઓનલાઈન ડ્રોની દુકાનો પર પોલીસ દ્વારા રેઈડ કરતાં આવા અનેક ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાયો છે.

# હોમગાર્ડ જવાનોને ૫૫ વર્ષ બાદ સેવામાં ચાલુ રાખવા નવી માર્ગદર્શિકા બહાર પડી

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧

રાજ્યના ગૃહ વિભાગ તથા નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડસના મહાનિર્દેશક દ્વારા વર્તમાન હોમગાર્ડ જવાનોની સેવા ૫૫ વર્ષ બાદ ૫૫ થી ૫૮ વર્ષ સુધી ચાલુ રાખવા બાબતે રાજ્ય સરકાર તથા વિભાગ દ્વારા નવી માર્ગદર્શિક બહાર પાડવામાં આવેલ છે.

રાજ્યના જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટોને આ બાબતે હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ વિભાગના કમાન્ડન્ટ જનરલ ડો. નિરજા ગોટરૂ દ્વારા આ નિયમ ફેરફાર અંગેની જાણ કરવામાં આવેલ છે.

### ૧૦૦ કરોડ લોકો વર્લ્ડ કપ જોશે, ૧,૮૫૦ કરોડની કમાણીની આશા

# આ વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત બનશે ફરી યજમાન

મુંબઈ,તા.૧

રમતપ્રેમીઓને ૨૦૨૧માં બે મોટી ટુર્નામેન્ટનો ઈન્તજાર રહેશે- રમતોનો મહાકુંભ ટોક્યો ઓલિમ્પિક્સ અને ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ. રોમાંચથી ભરપૂર વર્લ્ડ ટી૨૦ની યજમાની ફરી ભારતને મળી છે. તેની પાસે ૧૪ વર્ષ બાદ ફરી ચેમ્પિયન બનવાની તક હશે. ૨૦૦૭માં દ.આફ્રિકાની યજમાનીમાં પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપમાં પણ આપણે જ વિજેતા બન્યા હતા. ભારત સતત બીજી વખત ઓક્ટો.-નવે.માં યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપની યજમાની કરશે. ૨૦૧૬માં ભારતીય ટીમ સેમિફાઈનલ સુધી પહોંચી હતી.

રમતપ્રેમીઓને ૨૦૨૧માં બે મોટી ટુર્નામેન્ટનો ઈન્તજાર રહેશે- રમતોનો મહાકુંભ ટોક્યો ઓલિમ્પિક્સ અને ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ. રોમાંચથી ભરપૂર વર્લ્ડ ટી૨૦ની યજમાની ફરી ભારતને મળી છે. તેની પાસે ૧૪ વર્ષ બાદ ફરી ચેમ્પિયન બનવાની તક હશે.

રમતપ્રેમીઓને ૨૦૨૧માં બે મોટી ટુર્નામેન્ટનો ઈન્તજાર રહેશે- રમતોનો મહાકુંભ ટોક્યો ઓલિમ્પિક્સ અને ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ. રોમાંચથી ભરપૂર વર્લ્ડ ટી૨૦ની યજમાની ફરી ભારતને મળી છે. તેની પાસે ૧૪ વર્ષ બાદ ફરી ચેમ્પિયન બનવાની તક હશે.

ત્યારે અંદાજે ૭૩ કરોડ લોકોએ ટુર્ના. જોઈ હતી. ૧,૧૦૦ કરોડ રૂ.ની કમાણી થઈ હતી. આ વખતે બંનેમાં વધારો થવાની આશા છે. વ્યૂઅરશિપનો આંકડો ૧૦૦ કરોડ સુધી પહોંચી શકે છે. કમાણી પણ ૧૬૮% વધીને ૧,૮૫૦ કરોડ રૂ. સુધી પહોંચી




શકે છે. ૨૦૧૬ના ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝને ૧૨ કરોડ રૂ. મળ્યા હતા. આઈસીસીએ કહ્યું છે કે પ્રાઈઝ મની દોઢ ગણા સુધી વધી શકે છે. એટલે કે આ વખતે વિજેતાને ૧૮ કરોડ રૂ. સુધી મળી શકે છે. ક્રિકેટની દુનિયામાં સૌથી જૂનું ફોર્મેટ ટેસ્ટ છે. ૧૮૭૭માં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે પહેલી ટેસ્ટ રમાઈ હતી. અત્યાર સુધી ૨૩૯૯ ટેસ્ટ રમાઈ ચૂકી છે, પરંતુ અત્યાર સુધી ફક્ત ૧૨ દેશને જ ટેસ્ટ રમવાની માન્યતા છે. બીજી તરફ, પહેલી ટી-૨૦ મેચ ૨૦૦૪માં યોજાઈ હતી, જેમાં આજે ૧૦૪ દેશને માન્યતા મળી છે. એટલે કે ફક્ત ૧૬ વર્ષમાં ટી-૨૦ દુનિયાભરમાં લોકપ્રિય થઈ ગઈ છે. ૭૪ દેશે ઓછામાં ઓછી એક ટી-૨૦ મેચ રમી છે. તેનું કારણ એ છે કે, આ મેચ ૩.૫ કલાકમાં પૂરી થઈ જાય છે. ચાહકોને ફટકાબાજી પણ જોવા મળે છે. આ ઉપરાંત બોર્ડ અને બ્રોડકાસ્ટરને પણ વધુ કમાણી થાય છે.

દુનિયાભરમાં લીગ શરૂ થઈ, રમતમાં આવવાથી લાગ્યા વધુ પૈસા ૨૦૦૭માં પહેલીવાર વર્લ્ડ કપ યોજાયો. નાના ફોર્મેટથી બધા આકર્ષાયા. બાદમાં દુનિયાભરમાં લીગ શરૂ થઈ. બોર્ડની રેવન્યૂની સાથે ખેલાડીઓની કમાણી પણ વધી.

વિન્ડિઝે બે વાર ખિતાબ જીત્યો છે કારણ કે, તેમના ખેલાડી દુનિયાની તમામ લીગમાં રમે છે. તેમની પાસે જે તે ગ્રાઉન્ડની સંપૂર્ણ માહિતી હોય છે. આપણા ખેલાડીઓ બીજી લીગમાં નથી રમી શકતા કારણ કે, મ્ઝ્રઝ્રૈં મંજૂરી નથી આપતું.

# અંતિમ ટેસ્ટ માટે રોહિત શર્માની નેટ પ્રેક્ટિસ શરૂ, એન્જિન સ્ટાર્ટ થઈ ચૂક્યું છે : BCCI

(જી.એન.એસ)મુંબઇ,તા.૩૧

ભારતીય ટીમના ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ ક્વોરન્ટાઈનમાં સમય ગાળ્યા બાદ હવે ૩૧ ડિસેમ્બરથી પોતાની ટ્રેનિંગ શરૂ કરી દીધી છે. રોહિતે બેટિંગ કોચ વિક્રમ રાઠોડની દેખરેખમાં ટ્રેનિંગ શરૂ કરી છે. રોહિત સિડનીમાં ક્વોરન્ટાઈન સમય પૂરો કર્યા બાદ બુધવારે ટીમની સાથે મેલોબર્ન પહોંચ્યો હતો.

રોહિત શર્મા ઈજાને કારણે ટીમની સાથે શરૂઆતમાં ઓસ્ટ્રેલિયા જઈ શક્યો ન હતો. તો લિમિટેડ ઓવરોની સીરિઝનો ભાગ પણ ન હતો. એટલું જ નહીં ટેસ્ટ સીરિઝની પહેલી બે મેચ પણ તે રમી શક્યો ન હતો. જે બાદ રોહિતે ફિટનેસ ટેસ્ટ પાસ કરી હતી



અને તે ઓસ્ટ્રેલિયા માટે રવાના થયો હતો. જો કે ટીમની સાથે જોડાતાં પહેલાં તેણે નિયમ અનુસાર ક્વોરન્ટાઈન થવું પડ્યું હતું.

ટીમ ત્રીજી ટેસ્ટ મેચ માટે ચાર જાન્યુઆરીએ સિડની પહોંચશે. પહેલા ટીમને ૩૧ ડિસેમ્બરે સિડની પહોંચવાનું હતું. પણ કોવિડ-૧૯ની પરિસ્થિઓને કારણે ટીમની યોજનામાં બદલાવ થયો હતો. મ્ઝ્રઝ્રૈંએ ટ્વીટ કરીને રોહિતે ટ્રેનિંગ શરૂ કરી હોવાની જાણકારી આપી હતી. મ્ઝ્રઝ્રૈંએ ટ્વીટ કર્યું કે હિટમેન અહીં આવી ચૂક્યો છે અને એન્જિન સ્ટાર્ટ થઈ ચૂક્યું છે.

ભારતીય ટીમના મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે રોહિતને ટીમમાં સામેલ કરવા પર કોઈ પણ નિર્ણય ફિટનેસના આકલન બાદ કરવામાં આવશે. સીરિઝની ત્રીજી ટેસ્ટ મેચ સાત જાન્યુઆરીથી સિડનીમાં રમાશે.

# આઈપીએલના ફ્રેન્ચાઈઝો સાથે મારી વાતચીત ચાલી રહી છે : શ્રીસંત

(જી.એન.એસ.)કોચ્ચિ,તા.૧



ભારતના પૂર્વ ફાસ્ટ બોલર એસ શ્રીસંતને ૧૦ જાન્યુઆરીથી શરૂ થતી સૈયદ મુશ્તાક અલી ટી-૨૦ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કેરળની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. મેચ ફિક્સિંગના આરોપમાં સાત વર્ષના પ્રતિબંધ બાદ શ્રીસંતની આ પ્રથમ ટૂર્નામેન્ટ હશે. ભારતીય ક્રિકેટ બોર્ડએ આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગમાં ભાગીદારીને કારણે શ્રીસંત પર પ્રતિબંધ લગાવ્યો હતો. જોકે, આઈપીએલ ૨૦૨૧માં શ્રીસંત રમતો જોવા મળી શકે છે. આ વાત તેણે ખુદ જણાવી છે. શ્રીસંતે કહ્યુ કે કેટલીક આઈપીએલ ફ્રેન્ચાઈઝીએ મારી સાથે વાત કરી છે, તેમણે મને ફિટ રહેવા અને સિલેક્શન માટે ઉપલબ્ધ રહેવા કહ્યુ છે. શ્રીસંતે અંતિમ વખત આઈપીએલ ૨૦૧૩માં રાજસ્થાન રોયલ્સ માટે મેચ રમી હતી. ૩૭ વર્ષીય ફાસ્ટ બોલર શ્રીસંત સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં કેરળ માટે પેસ એટેકની આગેવાની કરશે. આ મહિને શરૂ થતી ઘરેલુ ટી-૨૦ ટૂર્નામેન્ટ પહેલા તાજેતરમાં જ વોર્મ અપ મેચમાં તેને ભાગ લીધો હતો. તે પહેલાની જેમ આક્રમક જોવા મળી રહ્યો છે.

# શમી અને ઉમેશની જગ્યાએ નવયુવાનોને સ્થાન નટરાજન અને શાર્દૂલની ટેસ્ટ ટીમમાં એન્ટ્રી

સિડની,તા.૧

નટરાજન અને શાર્દૂલને સીમિત ઓવરની સીરીઝ પછી ટીમ મેનેજમેન્ટે ઓસ્ટ્રેલિયામાં રોકી લીધા હતા. નેટ બોલર તરીકે ટીમ સાથે જોડાયેલા હતા. આ બંને ખેલાડી હવે ઉમેશ અને શમીની જગ્યા લેશે.





ઓસ્ટ્રેલિયા ટૂર દરમિયાન ટેસ્ટ સીરીઝ રમી રહેલી ભારતીય ટીમમાં રોહિત શર્મા સહિત ૩ ખેલાડીઓ જોડાય ગયા છે. ઈજાને કારણે સીરીઝથી બહાર થયેલા ઉમેશ યાદવની જગ્યાએ નટરાજન અને મોહમ્મદ શમીના સ્થાને શાર્દૂલ ઠાકુરને ૧૬ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ શુક્રવારે આ અંગેની જાહેરાત કરી છે.

બંને ટીમ વચ્ચે ૪ ટેસ્ટની સીરીઝ ૧-૧ની બરાબરી પર છે. બોર્ડર-ગાવસ્કર સીરીઝની બીજી ટેસ્ટ મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ ૮ વિકેટે જીત હાંસલ કરી હતી. જ્યારે સીરીઝની પહેલી મેચ ઓસ્ટ્રેલિયાએ ૮ વિકેટે જીતી હતી. સીરીઝની ત્રીજી ટેસ્ટ ૭ જાન્યુઆરીએ સિડની અને અંતિ ટેસ્ટ ૧૫ જાન્યુઆરીએ બ્રિસબેનમાં રમાશે. રોહિત શર્મા ટીમ ઈન્ડિયાના વાઈસ કેપ્ટન તરીકે જોડાયો છે. આ વાત BCCIએ જણાવી. રોહિતને ટીમની સાથે ટ્રેનિંગ પણ શરૂ કરી દીધી છે. જેનો ફોટો BCCIએ જ શેર કર્યો હતો. સીરીઝની પહેલી ટેસ્ટ પછી રેગ્યુલર કેપ્ટન વિરાટ કોહલી પેટરનિટી લીવ પર છે. જે બાદ અજિંક્ય રહાણે ટીમની કમાન સંભાળી રહ્યાં છે. નટરાજન અને શાર્દૂલને સીમિત ઓવરની સીરીઝ પછી ટીમ મેનેજમેન્ટે ઓસ્ટ્રેલિયામાં જ રોકી લીધા હતા. તેઓ નેટ બોલર તરીકે ટીમ સાથે જોડાયા હતા. તેઓ હવે ઉમેશ અને શમીની જગ્યા લેશે. ઉમેશ અને શમી ફિટ થયા બાદ નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)માં ટ્રેનિંગ લેશે. મુંબઈના ઓલરાઉન્ડર શાર્દૂલને સિડની ટેસ્ટમાં પ્લેઈંગ ઈલેવનની મત મળી શકે છે. તે પેસર હોવાની સાથે જ લોઅર ઓર્ડરમાં સારી બેટિંગ પણ કરી શકે છે. BCCIના એક સૂત્રએ હાલમાં જ ન્યૂઝ એજન્સીએ કહ્યું હતું- લોકો ટી નટરાજનને લઈને ખુશ અને ઉત્સુક છે. પરંતુ, તેને તમિલનાડુ માટે માત્ર એક ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે.

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની મહિલા ક્રિકેટ ટીમની સિરીઝ સ્થગિત રખાઈ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

નવા વર્ષની શરૂઆત સાથે જ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની પહેલી સીરીઝ સ્થગિત થઈ ગઈ છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ જાન્યુઆરી ૨૦૨૧માં પોતાની પહેલી સીરીઝ ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમ સાથે રમવા જઈ રહી હતી. જેની યજમાની ઓસ્ટ્રેલિયાને સોંપવામાં આવી હતી. હાલ ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તરફથી સ્પષ્ટ કરી દેવામાં આવ્યુ છે કે આ સીરીઝને સ્થગિત કરવામા આવી રહી છે. હાલ બન્ને દેશોની વચ્ચે રમાનારી કૉમનવેલ્થ બેંક વનડે સીરીઝ આગામી સત્ર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. આમાં વધારાન ત્રણ ટી૨૦ મેચ સામેલ કરવા માટે પ્રવાસને લંબાવવાની યોજના પર વિચાર કરવામાં આવી રહ્યો છે. ખરેખર, જાન્યુઆરી ૨૦૨૧માં



ઓસ્ટ્રેલિયા ભારતીય મહિલા ક્રિકેટ ટીમની યજમાની કરવા જઈ રહ્યું છે. અહી કૉમનવેલ્થ બેંક વનડે સીરીઝ અંતર્ગત બન્ને મહિલા ટીમોને ત્રણ વનડે મેચ રમવાની હતી. હાલ આને આગામી સિઝન સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. વળી ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના વચગાળાના સીઈઓ નિક હોકલેએ કહ્યું કે ઓસ્ટ્રેલિયન મહિલાઓની ટીમ આગામી સત્રમાં ભારતની યજમાની કરવા માટે તત્પર છે.

# કવિતાની ચોરી મુદ્દે બિગ-બીએ બે હાથ જોડી માફી માંગી

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૯

બૉલીવુડ અભિનેતા અમિતાભ બચ્ચન પોતાના સોશયલ મીડિયા એકાઉન્ટ પર ખુબ એક્ટિવ રહ્યાં કરે છે. ખાસ કરીને ટ્વીટર પર તે હંમેશા એક્ટિવ હોય છે. તાજેતરમાં જ બિગ બીએ એક કવિતા ટ્વીટ કરી હતી, પરંતુ તેને લઈને વિવાદ થઈ ગયો હતો. અમિતાભ બચ્ચન પર એક યુવતીએ ગંભીર આરોપ લગાવ્યો કે આ કવિતા તેની પોતાની છે, બિગ બીએ તેની કવિતાની ચોરી કરી છે. વિવાદ વધતા હવે બિગ બીએ આ વાતને લઈને માફી માંગી લીધી છે. જ્યારે અમિતાભ બચ્ચનને ખબર પડી કે આ કવિતા ટીશા અગ્રવાલ નામની એક યુવતીની છે, તો તેને કવિતા માટે ક્રેડિટ આપવામાં માડુ ના કર્યુ. બિગ બીએ લખ્યું- ટીશાજી, મને હમણાં ખબર પડી કે એક ટ્વીટ જે મે છાપ્યુ હતુ તે તમારી કવિતા હતી. હું માફી માંગુ છુ. મને ખબર ન હતી આની. મને કોઈએ મારા ટ્વીટર કે મારા વૉટ્સએપ પર આ મોકલ્યુ, મને સારુ લાગ્યુ અને મેં છાપી દીધુ. હું માફી માંગુ છુ. બચ્ચન તરફથી ક્રેડિટ આપાયા બાદ ટીશાએ ખુબ લખ્યું- સર, તમારો ખુબ આભાર અને હૃદયથી ધન્યવાદ, તમારી વૉલ પર મારુ નામ આવવુ મારો ગર્વ, સૌભાગ્ય, ખુશી અને લેખનનુ સર્વશ્રેષ્ઠ પારિતોષિક છે. આ માત્ર ક્રેડિટ નહીં તમારો સ્નેહ અને મારો ગર્વ છે. એક નાના લેખકને તમારી કલમથી પોતાનુ નામ મળી જાય, તો બીજુ શું જોઈએ. આજીવન યાદ રાખવાવાળો અનુભવ.



# ઉર્વશીએ નવા પ્રોજેક્ટની કરી જાહેરાત

ચક્રવાત ટીમ
મુંબઈ,તા.૩૧

બૉલિવુડની જાણીતી અભિનેત્રી ઉર્વશી રાઉતેલા એની સ્ટાઈલને કારણે સોશિયલ મીડિયા પર ચમકતી રહે છે. તાજેતરમાં ઉર્વશીએ ઈન્સ્ટાગ્રામ પર એના અપ કમિંગ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. હકીકતમાં એ એક ઈન્ટરનેશનલ પ્રોજેક્ટમાં ઈજિપ્તના અભિનેતા મોહમ્મદ રમદાન સાથે નજરે પડશે. ઉર્વશીએ મોહમ્મદ રમદાન સાથેનો એનો ફોટો પણ શેર કર્યો છે.

ફોટો સાથે ઉર્વશીએ લખ્યું હતું, અરેબિક અને ઈજિપ્તના સુપરસ્ટાર મોહમ્મદ રમદાન સાથે એક ઈન્ટરનેશનલ પ્રોજેક્ટનું શૂટિંગ કરી રહી છું. તો રમદાને પણ એક પોસ્ટમાં લખ્યું હતું, બૉલિવુડમાં શાહરૂખ ખાન બાદ હું માત્ર ઉર્વશીને ઓળખું છું. મને આશા છે કે એ હૉલિવુડના અન્ય પ્રોજેક્ટમાં પણ જોવા મળશે.



# રિયા આવતા વર્ષથી કામ પર પરત ફરશે : રૂમી જાફરી

(જી.એન.એસ.)મુંબઈ,તા.૩૧

સુશાંત સિંહ રાજપૂતના મોત મામલે ઘણી ટીકાઓનો સામનો કરનાર તેની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તી જેલની બહાર આવ્યા બાદ સંપૂર્ણપણે ગુમ થઈ ગઈ છે. ન તો તે સોશિયલ મીડિયા પર એક્ટિવ છે, ન તો તે ક્યાંય બહાર દેખાઈ રહી છે, ન તો તેના કોઈ સમાચાર છે. પરંતુ રિયાને લગતાં એક મોટા સમાચાર હવે સામે આવ્યા છે. સુશાંતના કેસને કારણે લોકોએ નિશાન બનાવનારી રિયા ચક્રવર્તી નવા વર્ષમાં એટલે કે ૨૦૨૧માં કમબેક કરવા માટે તૈયાર છે.

સુશાંત સિંહ અને રિયાની ખાસ દોસ્ત રૂમી જાફરીએ કહ્યું કે રિયા હવે સારી થઈ રહી છે. આ વર્ષ તેના માટે ખૂબ જ આઘાતજનક રહ્યું છે. જો કે આ વર્ષ બધા માટે ખરાબ રહ્યું છે, પરંતુ તેના કિસ્સામાં આ વર્ષે તેને એક અલગ લેવલનો આઘાત આપ્યો છે.

શું તમે કલ્પના કરી શકો છો કે સારી એવી મિડલ ક્લાસ પરિવારની છોકરીએ એક મહિનો જેલમાં પસાર કર્યો છે? આ બધી બાબતોએ તેને સંપૂર્ણ રીતે કચડી નાખી છે. પરંતુ રિયા આવતા વર્ષથી કામ પર પરત ફરશે. રૂમીએ કહ્યું કે ઈન્ડસ્ટ્રી ખુલ્લા હાથથી રિયાને આવકારશે.

હું તાજેતરમાં જ તેને મળ્યો હતો. તે ખૂબ શાંત હતી, તેણે વધારે વાત કરી નહોતી. પરંતુ આ માટે આપણે તેને દોષી ઠેરવી શકતા નથી. તે આ વર્ષે ઘણી વસ્તુઓમાંથી પાસર થઈ છે. સમય પસાર થવા દો. મને ખાતરી છે કે રિયા પાસે ઘણું કહેવાનું છે. અભિનેતા સુશાંત સિંહ રાજપૂતનાં નિધનને ૬ મહિનાથી વધુ સમય વીતી ગયો છે.

આ એક કેસને કારણે દેશનું રાજકારણ પણ ગરમાયું અને લોકો પણ સોશિયલ મીડિયા પર મોટા અભિયાનનો ભાગ બની ગયા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સીબીઆઈ તરફથી આ કેસ વિશે ઘણું કહેવામાં આવ્યું નથી, ત્યારબાદ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ સીધા પીએમઓને પત્ર લખ્યો હતો. પત્ર દ્વારા સ્વામીએ સુશાંત કેસમાં અપડેટની માંગ કરી હતી.

# વિદ્યાર્થીઓને નવા વર્ષની ભેટ : માધ્યમિક શાળાના અભ્યાસક્રમમાં ૩૦%નો ઘટાડો, ૩૦ માર્ક્સના MCQ

અમદાવાદ,તા.૧

કોરોનાની મહામારીને કારણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ધોરણ-૯થી ધોરણ-૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. માત્ર એટલું જ નહીં પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કર્યો છે. જે મુજબ ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રશ્નપત્રોમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારીને ૩૦ ટકા કર્યું છે. જે અગાઉ ૨૦ ટકા હતું. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં અગાઉની જેમ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા MCQ અને ૫૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું



પ્રમાણ યથાવત રાખવામાં આવ્યું છે. ધોરણ-૯થી ધોરણ-૧૨માં પ્રશ્નપત્રોમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ઈન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન આપવામાં આવશે. આ ફેરફાર અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના મુખ્ય ૪૦ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર તથા નમૂનાના પ્રશ્નપત્રો તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.rog પર પણ આ વિગતો મુકવામાં આવી છે.

રાજ્ય સરકારે ગુજરાતમાં એક વર્ષ માટે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ૩૦ ટકા ઘટાડો કર્યો છે. વર્તમાન કોરોનાની સ્થિતિને કારણે માત્ર એક વર્ષ સુધી જ આ નિયમ લાગુ પડશે. એટલું જ નહીં, ધોરણ ૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓ તણાવમુક્ત પરીક્ષા આપી શકશે. જો કે, સ્કૂલો ક્યારે શરૂ થશે તે બાબતે હજી સુધી ગુજરાત સરકારે કોઈ નિર્ણય લીધો નથી. વિદ્યાર્થીઓના હિતમાં અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ હવે ૭૦ ટકા અભ્યાસક્રમમાં ધ્યાન આપે. કોરોના મહામારી વચ્ચે સરકાર દ્વારા ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા મે મહિનામાં યોજવાનું અને ધો. ૯ અને ધો. ૧૧ની પરીક્ષા જૂન મહિનામાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૨૧મેથી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ કરવામાં આવશે.

# જામનગર નજીક ત્રણ વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત : બે યુવાનોના મોત

ચક્રવાત ટીમ જામનગર,તા.૧

શહેરના ધોરી માર્ગ પર એક ટ્રક તથા મિલ્ક વાન અને બોલેરો વાહન સાથે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ બોલેરોમાં જઈ રહેલા ડ્રાઈવર સહિત બે યુવાનોના કરૂણ મોત થયા હતા આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ખંભાળીયા- જામનગર ધોરીમાર્ગ પર આરાધનાધામ નજીક દૂધ ભરેલા બોલેરો વાહન સાથે આ માર્ગ પરથી પસાર થતા ટ્રકનો ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર અકસ્માતમાં દૂધ ભરેલા બોલેરો વાહનના આગળના ભાગનો કચરઘાણ નીકળી ગયો હતો. જેના



કારણે બોલેરો ચાલક જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ધુનધોરાજી ગામના રહીશ એવા નીલકંઠ મકવાણા નામના ૨૨ વર્ષના યુવાનનું ઘટનાસ્થળે જ મોત થયુ હતું.બોલેરોમાં નીલકંઠ મકવાણા સાથે જઈ રહેલા રાજકોટના પરેશ નામના એક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી તેમને ખંભાળિયાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી હતી, તેમજ વધુ સારવારની જરુર હોવાથી જામનગરની હોસ્પિટલમાં રેફર કરવામાં આવતા સમયે માર્ગમાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા આ બનાવ બનતા ઈમરજન્સીમાં ૧૦૮ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તેમજ જરૂરી કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત ખંભાળિયા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. આ સાથે જરુરી ટ્રાફિક નિયમન તથા અહીંની સરકારી હોસ્પિટલ ખાતે પણ પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાર્યવાહી કરી હતી.

# વાહ કર્ફ્યુ.... કર્ફ્યુ દરમ્યાન મેઘાણીનગરમાં ૧.૭૭ કરોડની દિલધડક લૂંટ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

અમદાવાદમાં લોકડાઉન પછી લૂંટફાટના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે આજે અમદાવાદમાં રૂપિયા ૧.૭૭ કરોડની લૂંટનો કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં રાત્રિ કર્ફ્યૂ અને પોલીસનું કડક પેટ્રોલિંગ હોવા છતાં અમદાવાદના મેઘાણીનગરમાં કુરિયર કંપનીનો કર્મચારી લૂંટાયો છે. ૩ અજાણ્યા શખ્સોએ કર્મચારીને માર મારીને ૧.૭૭ કરોડની લૂંટ ચલાવી છે, જેમાં અલગ અલગ પાર્સલ લૂંટી લેવાયા છે. આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં એર કાર્ગો પાસે ત્રણેક લોકો કુરિયરવાળાને માર મારી ૧.૭૭ કરોડના સોનાના પાર્સલ લૂંટી લીધા હોવાની ઘટના બની હતી.

# સુરત નહીં સ્માર્ટ સિટી સુરત : ત્રણ નવા બ્રિજ તથા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ બનશે

(જી.એન.એસ.)સુરત,તા.૧

નવી સિવિલમાં સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે. હાલ તેને કોરોનાના દર્દીઓ માટે જરૂર પડે તો ઉપયોગમાં લઈ શકાય તે માટે સ્ટેન્ડબાય રખાયું છે. અહીં હાર્ટ, કિડની અને ન્યુરોલોજીની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ કાર્યરત કરાશે. ૨૦૨૧માં ત્રણેય સુપર સ્પેશિયાલિટી સારવાર શરૂ થઈ શકે તેવી શક્યતાઓ છે. સુરત એરપોર્ટનું ટર્મિનલ બિલ્ડિંગ અને એપ્રેન એક્સપાન્સનની સાથે પીટીટી એટલે કે પેરેલલ ટેક્સી ટ્રેકનું કામ પૂર્ણ કરનારી છે. એટલું જ નહીં, ત્રણ નવા એરોબ્રિજ પણ મૂકાનારા છે.

ટર્મિનલ બિલ્ડિંગના એક્સપાન્સ બાદ તેની કેપેસિટી ૧૮૦૦ પેસેન્જરથી થઈ જશે. એપ્રેનના એક્સપાન્સ બાદ ૨૩ ફ્લાઈટો સરળતાથી પાર્ક કરી શકાશે. વેસુ આભવા મેઈન રોડ સાકાર થઈ રહેલા શહીદ સ્મારક ફેઝ-૧નું કામ ૨૦૨૧માં પૂર્ણ થશે. ફેઝ-૧માં એન્ટ્રન્સ પ્લાઝા, શૌર્ય દ્વાર, યુનિટી સ્ક્વેર, પાર્કિંગ, એક્સીસ ઓફ ટાઈમ, બે ડીસ્પ્લે ગેલેરી, શહીદ સ્તંભ, ઓપન એક્ઝિબિશન એરિયા સહિતના વિવિધ કામો ચાલી રહ્યા છે, જે ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થશે. આ સાથે ફેઝ-૨નું કામ શરૂ કરાશે. સુરત-મુંબઇ વેસ્ટર્ન રેલવે મેઈન લાઈન ઉપર સહારા દરવાજા રેલવે ગરનાળા અને સુરત બારડોલી રોડ પર રૂ.૧૩૩.૫૦ કરોડના ખર્ચે સાકાર થઈ રહેલા રેલવે ઓવરબ્રિજ સાથે રિંગરોડ બ્રિજની ઉપર સાકાર થઈ રહેલ કરણી માતા બ્રિજનું કામ નવા વર્ષના અંત સુધીમાં પૂર્ણ થાય એવી શક્યતા છે. આ બ્રિજથી ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે. કિલ્લામાં ફેઝ-૨નું કામ પૂર્ણ થઈ ગયું છે અને ટૂંક સમયમાં તેનું લોકાર્પણ કરવામાં આવશે.

# એ જોજો લોકશાહી છે હો...!! વોટ્સએપ પર પીએમની ટીકાનું સ્ટેટસ મુકસો તો બદલી થઈ જશે

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે ટીકાત્મક વીડિયો પોતાના વોટ્સએપ સ્ટેટસ પર મૂકનારા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જાસમીન રોઝિયાની તાત્કાલિક અસરથી પોલીસ કંટ્રોલરૂમમાં બદલી કરી દેવાઈ છે. સાયબર ક્રાઈમમાં નિષ્ણાત ગણાતા ક્રાઈમ બ્રાન્ચના જ પોતાના સાથી PIની સલાહ માનીને પીઆઈ રોઝિયાએ પોતાના વોટ્સએપ સ્ટેટસમાં વડા પ્રધાનની ટીકા કરતો એક વીડિયો મૂક્યો હતો.પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે આખી ઘટનાની ગંભીર નોંધ લઈ શિક્ષાત્મક પગલાં ભરવાના આદેશો કર્યા હતા.












સત્ય માટે સત્ય સાથે સતત..

ચક્રવાત ન્યૂઝ પેપર & ચેનલ

સત્ય માટે સત્ય સાથે સતત

સામાન્ય જનતાનું પોતીકું અખબાર

નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે આપણું "ચક્રવાત"

વાર્ષિક લવાજમ

Rs ૧૨૦૦/-

તા. ૧ જાન્યુઆરીથી

૩૧ ડિસેમ્બર




આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે

ચક્રવાત ભવન, શાળા નં. ૬૯ સામે, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ

Contact Number - 9106617867


Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)